નવસર્જન સંસ્કૃતિ

PRGI No. GUJGUJ/2016/70752

નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 348
Dt.: 23-10-2026, Friday
Page:04
Rs.00.50 paisa

મોદી કેબિનેટમાં મોટા ફેરબદલના એંધાણ

સીમાંકન બિલ અંગે અટકળો વચ્ચે રાજયસભામાં પેટાચૂંટણી જાહેર

કેન્દ્રીય મંત્રી એલ. મુરુગનના રાજીનામા બાદ ખાલી પડેલી મધ્ય પ્રદેશની રાજ્યસભા બેઠક માટે ૧૨ નવેમ્બરે પેટાચૂંટણી યોજાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સંસદમાં સીમાંકન સુધારા બિલ લાવવાની અટકળો અને કેન્દ્ર સરકારના બે તૃતીયાંશ બહુમતીના ગણિત વચ્ચે રાજ્યસભામાં વધુ એક પેટાચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે. કેન્દ્રીય મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા એલ. મુરુગને મંત્રી પરિષદ અને રાજ્યસભાના સભ્યપદેથી રાજીનામું આપી દેતાં ખાલી પડેલી બેઠક માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા સત્તાવાર ચૂંટણી કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. મધ્ય પ્રદેશમાંથી આવતી આ રાજ્યસભા બેઠક માટે ૨૬ ઓક્ટોબરથી ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા શરૂ થશે, જ્યારે ૧૨ નવેમ્બરે મતદાન અને મતગણતરી યોજાશે.

એલ. મુરુગન વર્ષ ૨૦૨૧થી મધ્ય પ્રદેશમાંથી રાજ્યસભાના સાંસદ હતા અને વર્ષ ૨૦૨૪માં ફરી ચૂંટાઈને આવ્યા હતા. તેમનો આ કાર્યકાળ વર્ષ ૨૦30 માં પૂર્ણ થવાનો હતો. જોકે, દક્ષિણ ભારતમાં પક્ષના સંગઠનને મજબૂત કરવાના હેતુથી તેમણે સામે ચાલીને રાજીનામું આપ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, મેં વડાપ્રધાનને મંત્રી પરિષદ અને રાજ્યસભાના સભ્યપદેથી મને મુક્ત કરવા વિનંતી કરી છે, કારણ કે હું તમિલનાડુ જઈને પક્ષને મજબૂત કરવા માગું છું. વડાપ્રધાનને લખેલા પત્રમાં મેં સ્પષ્ટ જણાવ્યું છે કે હું ગામડાઓ, શેરીઓ અને જમીની સ્તરે જઈને સંગઠનને ધારદાર બનાવવા અને ૨૦૨૯ની લોકસભા ચૂંટણી માટે જમીન તૈયાર કરવા માગું છું.

રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે કેન્દ્ર સરકાર મહત્વપૂર્ણ સીમાંકન સુધારા બિલ સંસદમાં રજૂ કરવાની તૈયારી કરી રહી છે. તાજેતરમાં કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે સરકારે સીમાંકન બિલને સર્વસંમતિથી પસાર કરાવવા વિપક્ષનો સહયોગ માંગ્યો છે. આ અંગે તેમણે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને ૧૬ માર્ચ, ૨૬ માર્ચ અને ૧૨ એપ્રિલે પત્રો લખ્યા હતા તેમજ સત્ર દરમિયાન રાહુલ ગાંધી સાથે પણ ચર્ચા કરી હતી. બીજી તરફ, સૂત્રોના જણાવ્યા અનુસાર મહિલા અનામત અને સીમાંકન મુદ્દે દક્ષિણના રાજ્યોના સંશયો દૂર કરવા ભાજપને તમિલનાડુની સત્તાધારી ડીએમકેના સમર્થનની જરૂર છે. DMK હવે ઈન્ડિયા ગઠબંધનમાં સક્રિય ન હોવાથી મુદ્દા આધારિત સમર્થન મેળવવા ભાજપના નેતાઓ પરોક્ષ રીતે સંપર્કમાં છે. ભાજપનો પ્રયાસ એ સાબિત કરવાનો છે કે સીમાંકન કે મહિલા અનામતથી તમિલનાડુ કે દક્ષિણ ભારતના રાજ્યોનું પ્રતિનિધિત્વ ઘટશે નહીં.

મધ્ય પ્રદેશ વિધાનસભામાં કુલ ૨૩૦ બેઠકો છે, જેમાંથી ભાજપ પાસે ૧૬૩ ધારાસભ્યોનું જંગી બહુમત છે. આ સંખ્યાબળ જોતાં ભાજપ પોતાના ઉમેદવારને કોઈપણ વિરોધ વિના સરળતાથી જીતાડી શકે તેવી સ્થિતિમાં છે. પાર્ટી આ બેઠક પર કયા નવા કેન્દ્રીય કે સ્થાનિક નેતાને ઉતારે છે તેના પર સૌની નજર છે.

તાજેતરમાં ઉત્તર પ્રદેશની ૧૦ રાજ્યસભા બેઠકો પર યોજાયેલી ચૂંટણીમાં તમામ ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા હતા. જેમાં ભાજપના ૮ અને સમાજવાદી પાર્ટીના બે નેતાઓ રાજ્યસભાના સાંસદ બન્યા છે.

દરમિયાન, એલ. મુરુગનના રાજીનામા બાદ મોદી કેબિનેટમાં ફેરબદલની અટકળો તેજ બની છે. મંત્રી પરિષદમાંથી રાજ્યકક્ષાના મંત્રીનું રાજીનામું હોય તેવો આ ત્રીજો કિસ્સો છે. આ અગાઉ જૂનમાં જ્યોર્જ કુરિયન અને જુલાઈમાં રવનીત સિંહ બિટ્ટુએ રાજીનામું આપ્યું હતું. બીજી તરફ યુપીમાંથી કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરી અને બી.એલ. વર્માને ફરી ટિકિટ આપવામાં આવી નહોતી, જોકે તેઓ હજુ મંત્રીપદે યથાવત છે.

રિલાયન્સની રિફાઈનરીમાં માર્કો રૂબિયોનું ભવ્ય સ્વાગત

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ જામનગર અને રિલાયન્સની રિફાઈનરીની મુલાકાત લીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

ગુજરાતના જામનગરમાં બુધવારે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના વિશાળ પરિસરમાં પહોંચ્યા હતા. અહીં રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણી અને તેમના પરિવારે અમેરિકાના પ્રતિનિધિમંડળનું સ્વાગત કર્યું હતું. રૂબિયોએ વિશ્વના સૌથી મોટા એક જ સ્થળે આવેલા તેલ રિફાઈનિંગ સંકુલ, વન્યજીવોના બચાવ અને સંરક્ષણ કેન્દ્ર વનતારા તથા રિલાયન્સના નવા ગ્રીન એનર્જી મેન્યુફેક્ચરિંગ હબની મુલાકાત લીધી હતી. આ મુલાકાત એવા સમયે થઈ છે, જ્યારે અમેરિકા ભારત સાથે વેપાર વધારવાના પ્રયાસો કરી રહ્યું છે. રૂબિયો થોડા કલાકો સુધી જામનગરમાં રોકાયા હતા અને ત્યારબાદ અમેરિકા જવા રવાના થયા હતા. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મુકેશ અંબાણી તથા એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અનંત અંબાણીએ અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો અને ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરનું સ્વાગત કર્યું હતું. રૂબિયોની સાથે તેમનાં પત્ની જીનેટ ડૂસડેબ્સ રૂબિયો પણ હાજર હતાં. બંને મહેમાનોએ વિશ્વની સૌથી મોટી રિફાઈનરીના પરિસરની મુલાકાત લીધી હતી અને તેની આધુનિક ટેકનોલોજી, વિશાળ ક્ષમતા તથા એકીકૃત કામગીરી વિશે માહિતી મેળવી હતી. તેમને રિલાયન્સની નવી ઊર્જા ગીગાફેક્ટરીઓ અને નિર્માણાધીન ડેટા સેન્ટરો વિશે પણ જાણકારી આપવામાં આવી હતી.

મુલાકાત દરમિયાન ઊર્જા અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ, સસ્તો અને વિશ્વસનીય ઊર્જા પુરવઠો, આધુનિક ટેકનોલોજી તથા મજબૂત સપ્લાય ચેઈન જેવા મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. મુકેશ અંબાણી અને અનંત અંબાણીએ જામનગરને ડીપ-ટેક, નવીનતા અને આધુનિક ઉત્પાદનનું કેન્દ્ર બનાવવાની લાંબા ગાળાની યોજના રજૂ કરી હતી. બેઠકમાં અમેરિકાની કંપનીઓ સાથે પરંપરાગત ઊર્જા અને નવી ઊર્જાના ક્ષેત્રોમાં વેપારી સહયોગની શક્યતાઓ અંગે પણ વિચારવિમર્શ થયો હતો. મુકેશ અંબાણીના મોટા પુત્ર અને જિયો પ્લેટફોર્મ્સના મેનેજિંગ ડિરેક્ટર આકાશ અંબાણી આ દરમિયાન કંપનીના આઈપીઓ (IPO)ની તૈયારીઓ પર નજર રાખી રહ્યા હતા.

જામનગર પહોંચવાના એક દિવસ પહેલાં રૂબિયોએ ભારતને કાચા તેલના રિફાઈનિંગ ક્ષેત્રમાં મહાસત્તા ગણાવ્યું હતું. તેમણે ભારતને વેનેઝુએલાથી આવતા કાચા તેલની પ્રોસેસિંગ વધારવાની અપીલ પણ કરી હતી.

અમેરિકા ઈચ્છે છે કે ભારત પશ્ચિમી ગોળાર્ધમાંથી આવતા કાચા તેલનું વધુ પ્રમાણમાં રિફાઈનિંગ કરે અને અમેરિકાનાં ઊર્જા ઉત્પાદનોની ખરીદી વધારે.રિલાયન્સના જામનગર પરિસરમાં દરરોજ આશરે ૧૪ લાખ બેરલ કાચા તેલનું પ્રોસેસિંગ કરવાની ક્ષમતા છે. અહીં તૈયાર થતું ડીઝલ અને અન્ય રિફાઈન્ડ ઉત્પાદનો ભારત ઉપરાંત આંતરરાષ્ટ્રીય બજારોમાં પણ મોકલવામાં આવે છે.

અધિકારીઓને લગાવી જોરદાર ફટકાર

પ્રદૂષણમાં મુંબઈ દિલ્હી કરતાં આગળ નીકળતાં હાઈકોર્ટ લાલઘૂમ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મુંબઈમાં હવાનું પ્રદૂષણ સતત વધી રહ્યું છે અને તે હવે અત્યંત ગંભીર ચિંતાનો વિષય બન્યું છે. શહેરની કથળતી વાયુ ગુણવત્તા પર બોમ્બે હાઈકોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરી છે. હાઈકોર્ટે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું કે પ્રદૂષણની બાબતમાં હવે મુંબઈ દિલ્હીથી પણ આગળ નીકળી રહ્યું છે. લાખો નાગરિકો ઝેરી હવાના કારણે મુશ્કેલી ભોગવી રહ્યા છે ત્યારે પ્રદૂષણ અટકાવવાની જવાબદારી ધરાવતા અધિકારીઓ શાંતિથી કેવી રીતે ઊંઘી શકે તેવો વેધક સવાલ પણ અદાલતે કર્યો હતો.

અદાલતે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC), મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (MPCB) અને મુંબઈ પોલીસને આકરી ફટકાર લગાવી હતી. હાઈકોર્ટે નોંધ્યું કે તહેવારો દરમિયાન ધ્વનિ પ્રદૂષણ અને જાહેર રસ્તાઓ પર ફટાકડા ફોડવા પર લાદવામાં આવેલા પ્રતિબંધના આદેશોનું જમીની સ્તરે પાલન થઈ રહ્યું નથી. પોતાની જવાબદારી નિભાવવામાં નિષ્ફળ રહેલા અધિકારીઓ વિરુદ્ધ કડક પગલાં લેવાની ચેતવણી પણ અદાલતે આપી છે.ધ્વનિ પ્રદૂષણ અને રસ્તાઓ પર ફટાકડા ફોડવા અંગે દાખલ થયેલી સુઓમોટો જાહેર હિતની અરજી પર જસ્ટિસ ગિરીશ એસ. કુલકર્ણી અને જસ્ટિસ નીલા ગોખલેની ખંડપીઠ સમક્ષ સુનાવણી હાથ ધરાઈ હતી. દક્ષિણ મુંબઈના ક્રોફર્ડ માર્કેટ નજીક એક પોલીસ સ્ટેશનની બરાબર સામે જ વ્યસ્ત રસ્તા પર ફટાકડા ફોડવામાં આવ્યા હોવાનો ઉલ્લેખ કરતાં અદાલતે તેને અદાલતી આદેશોનું ખુલ્લું ઉલ્લંઘન ગણાવ્યું હતું. શોભાયાત્રાઓમાં વપરાતા સાઉન્ડ સિસ્ટમના લાયસન્સ તપાસવા અને રસ્તાઓ પર ફટાકડા ફોડવા પર સંપૂર્ણ પ્રતિબંધ સુનિશ્ચિત કરવા પોલીસને તાકીદ કરવામાં આવી છે.

બોમ્બે હાઈકોર્ટે જણાવ્યું કે પ્રદૂષણ અટકાવવામાં તંત્રની નિષ્ક્રિયતા બંધારણની કલમ ૧૪ અને ૨૧ હેઠળ નાગરિકોને મળેલા મૂળભૂત અધિકારોનું હનન છે. મુંબઈ પોલીસ કમિશનરને તમામ પોલીસ સ્ટેશનોના વડાઓ સાથે તાત્કાલિક બેઠક યોજીને નિયમોનું કડક પાલન કરાવવાનો નિર્દેશ અપાયો છે. આ ઉપરાંત BMC કમિશનર અને MPCB કમિશનરને ૨૬ ઓક્ટોબરના રોજ આગામી સુનાવણીમાં રૂબરૂ હાજર રહીને પ્રદૂષણ નિયંત્રણ માટે લીધેલા પગલાંનો અહેવાલ રજૂ કરવા આદેશ આપવામાં આવ્યો છે.

શહેરમાં ચાલતા બાંધકામોમાંથી નીકળતી ધૂળ પર નિયંત્રણ ન હોવા અંગે પણ અદાલતે સવાલ ઉઠાવ્યા હતા. જસ્ટિસ કુલકર્ણીએ જણાવ્યું કે બાંધકામની પ્રવૃત્તિઓ પ્રદૂષણનું મોટું કારણ છે, તેથી નિયમો તોડતા બિલ્ડરો પર ભારે દંડ ફટકારવો જોઈએ. જસ્ટિસ નીલા ગોખલેએ સ્પષ્ટ કર્યું કે શહેરના પ્રમાણમાં સ્વચ્છ વિસ્તારોના આંકડા બતાવીને ભારે ટ્રાફિક અને ગીચ વસ્તીવાળા વિસ્તારોની ખરાબ હવાને નજરઅંદાજ કરી શકાય નહીં.

સુનાવણી દરમિયાન અદાલતે નોંધ્યું કે ધુમ્મસ અને સ્મોગને કારણે મુંબઈમાં વિઝિબિલિટી ઘટીને ૫૦૦ મીટરથી પણ ઓછી થઈ ગઈ હતી. દરિયાકિનારો હોવા છતાં મુંબઈ આવી ગંભીર સ્થિતિનો સામનો કરી રહ્યું છે તે ચિંતાજનક બાબત છે. લોકોમાં જાગૃતિ લાવવા માટે મીડિયા, સોશિયલ મીડિયા અને સેલિબ્રિટીઝના માધ્યમથી અભિયાન ચલાવવાનું સૂચન પણ કરવામાં આવ્યું હતું. નાગરિકોએ ઘરની બહાર નીકળતા પહેલા હવા ગુણવત્તા સૂચકાંક (AQI) જોવો પડે તેવી નોબત ન આવવી જોઈએ તેમ જણાવીને કોર્ટે કડક અમલીકરણની સૂચના આપી હતી.

ટીવી ડિબેટ્સમાં ઝઘડતા નેતાઓ પર કેન્દ્રની તવાઈ

ચેનલોને આદેશ- માઈક મ્યૂટ કરો અથવા લાઈવ ફીડ કાપી નાખો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકારે ટીવી ચેનલોને સમાચાર ચર્ચા અને પેનલ ચર્ચા દરમિયાન સંપાદકીય નિયંત્રણ વધુ કડક રાખવા સૂચના આપી છે. ચર્ચામાં કોઈ પેનલિસ્ટ અપમાનજનક, અભદ્ર, કોમી અથવા ભડકાઉ નિવેદન આપે તો તેનો અવાજ બંધ કરવા, કાર્યક્રમ અટકાવવા અથવા પ્રસારણ બંધ કરવા જેવા પગલાં લેવા જણાવાયું છે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે બુધવારે જાહેર કરેલી સૂચનામાં આતંકવાદ વિરોધી કાર્યવાહીના લાઈવ કવરેજથી દૂર રહેવા અને સમાચારની ચોકસાઈ જાળવવા પણ કહ્યું છે.

મંત્રાલયે જણાવ્યું કે ટીવી ચેનલોએ ચર્ચામાં ભાગ લેનારા પેનલિસ્ટ અને અન્ય વ્યક્તિઓની પસંદગી કરતી વખતે પૂરતી કાળજી રાખવી જોઈએ. કાર્યક્રમ દરમિયાન કોઈ વ્યક્તિ અભદ્ર, અપમાનજનક કે ભડકાઉ ભાષાનો ઉપયોગ કરે તો તેને રોકવા માટે તાત્કાલિક પગલાં લેવાં જોઈએ. તેમાં માઈક મ્યૂટ કરવો, ડિસ્ક્લેમર દર્શાવવો, ચર્ચા અટકાવવી અથવા પ્રસારણ બંધ કરવું સામેલ છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, કેટલીક ખાનગી સેટેલાઈટ ટીવી ચેનલો કેબલ ટેલિવિઝન નેટવર્ક્સ (રેગ્યુલેશન) એક્ટ, ૧૯૯૫ અને કેબલ ટેલિવિઝન નેટવર્ક્સ રૂલ્સ, ૧૯૯૪ હેઠળના પ્રોગ્રામ કોડનું પાલન કરતી ન હોવાનું ધ્યાનમાં આવ્યું છે.

કેન્દ્રએ ચેનલોને આતંકવાદ વિરોધી કાર્યવાહીનું લાઈવ કવરેજ ન કરવા પણ જણાવ્યું છે. આ ઉપરાંત, દેશના નકશા અને ગ્રાફિક્સમાં માત્ર સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા મંજૂર કરાયેલા નકશાનો ઉપયોગ કરવાની સૂચના આપવામાં આવી છે. સમાચાર તૈયાર કરવામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ સહાયક સાધન તરીકે જ કરવા અને તેના કારણે સમાચારની ચોકસાઈ તથા વિશ્વસનીયતા સાથે બાંધછોડ ન થાય તેની કાળજી રાખવા જણાવાયું છે.

મંત્રાલયે ગુના અને હિંસા સંબંધિત અહેવાલો ચકાસેલા તથ્યો પર આધારિત અને સંતુલિત રાખવા સૂચના આપી છે. અડધી-અધૂરી માહિતી અથવા ખોટા સંકેતોના આધારે અહેવાલ રજૂ ન કરવા પણ જણાવાયું છે. હિંસક, ભયાનક અથવા અસ્વસ્થ કરી શકે તેવા દૃશ્યો દર્શાવતી વખતે યોગ્ય સાવચેતી રાખવા, આવા દૃશ્યો વારંવાર ન બતાવવા અને જરૂર જણાય ત્યાં બ્લરિંગ અથવા માસ્કિંગનો ઉપયોગ કરવા સૂચના અપાઈ છે. ગુનાનું મહિમામંડન કરતી અથવા ગેરકાયદેસર વર્તનને સામાન્ય બનાવતી સનસનાટીભરી રજૂઆત ટાળવા પણ કહેવાયું છે. મહિલાઓ અને બાળકો સામેના ગુનાઓના દૃશ્યો દર્શાવતી વખતે વિશેષ કાળજી રાખવા જણાવાયું છે. જાતીય ગુનાના પીડિતોની ઓળખ જાહેર ન કરવા સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું ચુસ્ત પાલન કરવા પણ ચેનલોને સૂચના આપવામાં આવી છે. કુદરતી આફતો, આપત્તિઓ અને મોટા અકસ્માતોના અહેવાલોમાં જરૂરી હોય ત્યાં દૃશ્યો પર સમય દર્શાવવા અને ચકાસેલી માહિતીના આધારે જ સમાચાર આપવા જણાવાયું છે, જેથી દર્શકોમાં બિનજરૂરી ગભરાટ ન ફેલાય.મંત્રાલયની આ સૂચના કેબલ ટેલિવિઝન નેટવર્ક્સ (એમેન્ડમેન્ટ) રૂલ્સ, ૨૦૨૧ હેઠળ રચાયેલી આંતરવિભાગીય સમિતિની બેઠક બાદ આવી છે. સમિતિએ ટીવી ચેનલો દ્વારા પ્રોગ્રામ કોડના પાલન અંગે ચર્ચા કરી હતી.

ફ્રાન્સમાં ભડકેલા રમખાણો અને કરફ્યુ વચ્ચે ભારતીયો માટે એડવાઈઝરી જારી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ફ્રાન્સમાં ફાટી નીકળેલા ઉગ્ર વિરોધ પ્રદર્શનો, હિંસક અથડામણો અને કેટલાક સંવેદનશીલ વિસ્તારોમાં લાદવામાં આવેલા કરફ્યુના પગલે સ્થિતિ તણાવપૂર્ણ બની છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પેરિસ સ્થિત ભારતીય દૂતાવાસે ફ્રાન્સમાં વસતા ભારતીય નાગરિકો તેમજ ત્યાં પ્રવાસનું આયોજન કરી રહેલા પ્રવાસીઓ માટે એક મહત્વપૂર્ણ સુરક્ષા એડવાઈઝરી જારી કરવામાં આવી છે. ભારતીય દૂતાવાસ દ્વારા ફ્રાન્સમાં સતત વણસી રહેલી પરિસ્થિતિને ધ્યાનમાં લઈને ભારતીય નાગરિકોને સંપૂર્ણ સાવચેતી રાખવા, પ્રદર્શન સ્થળો અને ભારે ભીડવાળા વિસ્તારોથી દૂર રહેવા તેમજ સ્થાનિક ફ્રેન્ચ વહીવટીતંત્રના સુરક્ષા નિર્દેશોનું ચુસ્તપણે પાલન કરવાની તાકીદ કરવામાં આવી છે.

સોનિયા ગાંધીએ પોતાના પુસ્તક 'Belonging'ની પ્રથમ ઝલક શેર કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોંગ્રેસનાં વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીએ ઈન્સ્ટાગ્રામ પર પદાર્પણ કરતાં પોતાના આગામી પુસ્તક 'Belonging: A Journey of Love'ની પહેલી ઝલક શેર કરી છે. તેમણે પુસ્તકનાં પાનાં ફેરવતો વીડિયો મૂક્યો છે. આ દરમિયાન પુત્રી પ્રિયંકા ગાંધીની તસવીરોવાળું પાનું સામે આવતાં સોનિયા ગાંધીએ હસતાં કહ્યું, "LOs of pictures, Priyanka". સોનિયા ગાંધીએ વીડિયો સાથે લખ્યું કે, "સૌને નમસ્કાર. તમારી સાથે 'Belonging: A Journey of Love'ની પહેલી ઝલક શેર કરતાં હું ખૂબ આભારી છું. આ પ્રેમ, જવાબદારી, વિયોગની વેદના અને પોતાની જગ્યા શોધવાની સફરની કહાણી છે. આ પુસ્તક તમારી સાથે શેર કરવાની હું આતુરતાથી રાહ જોઈ રહી છું."

વીડિયોમાં પુસ્તકના પ્રકાશક હાર્પરકોલિન્સ તરફથી સોનિયા ગાંધીને પુસ્તકની ત્રણ નકલો આપવામાં આવે છે. પ્રકાશક તેમને પુસ્તક માટે અભિનંદન આપે છે. સોનિયા ગાંધી તેમનો આભાર માને છે અને ત્યારબાદ પુસ્તકનાં પાનાં ફેરવીને તેમાં સમાવાયેલી તસવીરો નિહાળે છે તેવી તસ્વીરો તેમણે શેર કરી હતી. પ્રિયંકા ગાંધીની તસવીરો જોઈને તેમણે કરેલી ટિપ્પણી વીડિયોની ખાસ ક્ષણ બની છે. પુસ્તકની પહેલી ઝલકમાં તસવીરો દ્વારા સોનિયા ગાંધીના જીવન અને પરિવાર સાથે જોડાયેલી યાદીઓની પણ ઝાંખી મળે છે.

આ પુસ્તકનું ટીઝર અગાઉ જાહેર કરવામાં આવ્યું હતું. તેમાં સોનિયા ગાંધીના જીવન અને ગાંધી પરિવાર સાથે જોડાયેલી તેમની સફરની ઝલક રજૂ કરવામાં આવી હતી. ટીઝર અનુસાર, સોનિયા મૈનો ૧૮ વર્ષની ઉંમરે કેમ્બ્રિજમાં રાજીવ ગાંધીને મળ્યાં હતાં. ત્રણ વર્ષ પછી, ૨૧ વર્ષની ઉંમરે તેઓ રાજીવ ગાંધી સાથે લગ્ન કરવા ભારત આવ્યાં હતાં. ટીઝરમાં જણાવાયું હતું કે સોનિયાએ માત્ર લગ્નના દિવસે જ નહીં, પરંતુ ત્યારપછી પણ આ પરિવારનો હિસ્સો બનવાનું પસંદ કર્યું હતું. તેમણે પરિવાર વસાવ્યો અને બે બાળકોનો ઉછેર કર્યો. ધીમે-ધીમે ભારત તેમનું ઘર બન્યું. ટીઝરમાં સોનિયા ગાંધીના જીવનમાં આવેલા વ્યક્તિગત દુઃખ અને અણધારી જવાબદારીઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાં જણાવાયું હતું કે ૨૧ વર્ષની ઉંમરે તેમણે એવી જવાબદારીઓ સંભાળી હતી, જેની તેમણે કલ્પના પણ કરી નહોતી. પુસ્તકના ટીઝરનો મુખ્ય સંદેશ એ છે કે પ્રેમથી શરૂ થયેલી આ સફર સમય જતાં એક પરિવાર અને પછી સમગ્ર દેશ સાથેના જોડાણની કહાણી બની ગઈ. 'Belonging: A Journey of Love'માં સોનિયા ગાંધીના જીવન, સંબંધો, જવાબદારીઓ અને પોતાની ઓળખ તથા સ્થાન શોધવાની સફરને રજૂ કરવામાં આવી છે. પુસ્તકની પહેલી ઝલક શેર કરીને તેમણે વાચકોને આ અંગત સફરની એક ઝાંખી આપી છે.

તંત્રી લેખ......

આંદોલનો આર્થિક હિતોને નુકસાન પહોંચાડે છે

લોકશાહીમાં, દરેક વ્યક્તિને અસંમતિ વ્યક્ત કરવાનો અને સરકાર પાસેથી જવાબો માંગવાનો અધિકાર છે. જો સીજેપી અને કેટલાક વિપક્ષી પક્ષો કેટલાક સમયથી માનતા આવ્યા છે કે તેઓ માત્ર થોડા હજાર લોકોની મદદથી અરાજકતા ઊભી કરીને દરેક મુદ્દા પર સરકારને નમવા માટે દબાણ કરી શકે છે, તો તે કદાચ તેમની અપરિપક્વતા છે. ઝત્તૅં નેતાઓ અને વિપક્ષી પક્ષો શા માટે સમજી શકતા નથી કે શેરીઓમાં અરાજકતા સામાન્ય માણસને કેટલી અસર કરી રહી છે? વ્યવસાયો બંધ થવાથી દૈનિક વેતન મેળવનારાઓની આજીવિકા પર કેટલો પ્રભાવ પડી રહ્યો છે?

દિલ્હીના વ્યાપાર સંગઠનો અનુસાર, રાષ્ટ્રીય રાજધાનીમાં તાજેતરના વિરોધ પ્રદર્શનો અને પ્રતિબંધોને કારણે પહેલાથી જ આશરે ૨,૦૦૦ કરોડનું નુકસાન થયું છે. કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયા ટ્રેડર્સનો અંદાજ છે કે આ વિરોધ પ્રદર્શનોને કારણે દિલ્હીમાં દૈનિક વ્યાપાર નુકસાન થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં, પ્રશ્ન મહત્વપૂર્ણ બની જાય છેઃ શું એવી વ્યવસ્થા બનાવી શકાય જે દેશની આર્થિક પ્રવૃત્તિઓમાં ખલેલ પહોંચાડ્યા વિના નાગરિકોનો અવાજ સાંભળી શકે? મુખ્ય રસ્તાઓ પર અરાજકતા કે અવ્યવસ્થા સર્જવાની ધમકી આપતા વિરોધ પ્રદર્શનો માત્ર બજારના વેચાણને જ નહીં પરંતુ દુકાનના કર્મચારીઓ, ડિલિવરી ડ્રાઈવરો, નાના જથ્થાબંધ વેપારીઓ, પેકિંગ કામદારો, શેરી વિક્રેતાઓ અને નજીકના ચાના સ્ટોલ ચલાવનારાઓને પણ અસર કરે છે.

જ્યારે મોટા વ્યવસાયો થોડા સમય માટે નુકસાન સહન કરી શકે છે, ત્યારે દૈનિક વેતન પર નિર્ભર પરિવારો માટે, એક દિવસનું કામ ગુમાવવાથી પણ ખોરાક, ભાડું, બાળકોના શિક્ષણ અને દવાના ખર્ચ પર અસર પડે છે. મુખ્ય તહેવારો અને લગ્નો દરમિયાન આ સમસ્યા વધુ તીવ્ર બને છે. તહેવારો પહેલાં, છૂટક વેપારીઓ કપડાં, જૂતા, ઈલેક્ટ્રોનિક્સ, ભેટો, મીઠાઈઓ અને ઘરગથ્થુ સામાનના વેચાણમાં વધારો થવાની અપેક્ષા રાખે છે. વેપારીઓ અગાઉથી માલ ખરીદે છે, કર્મચારીઓની વ્યવસ્થા કરે છે અને ભાડું અને અન્ય ખર્ચાઓને આવરી લે છે. જો ગ્રાહકો રસ્તાઓ પર અરાજકતા કે અરાજકતાને કારણે બજારમાં પહોંચી શકતા નથી, તો તેની બજાર અને અર્થતંત્ર પર ઊંડી અસર પડે છે. આવા વિરોધ પ્રદર્શનો આર્થિક વિકાસ, રોકાણ, ઉત્પાદન અને રોજગાર માટે પણ પડકારો ઉભા કરે છે.

આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળે ૨૦૨૧ માં "ધ મેક્રોઈકોનોમિક ઈમ્પેક્ટ ઓફ સોશિયલ અનરેસ્ટ" નામનો એક સંશોધન પત્ર પ્રકાશિત કર્યો હતો, જે ૧૯૯૦ થી ૨૦૧૯ સુધીના વિવિધ દેશોના ડેટા પર આધારિત હતો, જેમાં દર્શાવવામાં આવ્યું હતું કે સામાજિક અશાંતિનો અર્થતંત્ર પર નકારાત્મક પ્રભાવ પડે છે. છ ક્વાર્ટરમાં વધતી અશાંતિ પછી પણ, ર્દ્ધૅં વૃદ્ધિ સરેરાશ ૦.૨ ટકા ઘટી શકે છે, જ્યારે અશાંતિના મોટા બનાવો પછી, આ તફાવત લગભગ એક ટકા સુધી પહોંચી શકે છે. આ મુખ્યત્વે ઉત્પાદન અને સેવા ક્ષેત્રોમાં ઘટાડો, વપરાશમાં ઘટાડો અને રોકાણકારોના વિશ્વાસમાં નબળા પડવાને કારણે છે. સંશોધનમાં એ પણ જાણવા મળ્યું છે કે ઘણી ચળવળોની આર્થિક અસર રાજકીય અથવા ચૂંટણી સંબંધિત ચળવળો કરતાં વધુ હોઈ શકે છે. સતત અશાંતિ અને અવ્યવસ્થા દેશની આંતરરાષ્ટ્રીય છબીને પણ અસર કરે છે. હવે, જ્યારે ઘણી વૈશ્વિક એજન્સીઓએ ભારતના જીડીપી અંદાજમાં વધારો કર્યો છે, ત્યારે સંકુચિત સ્વાર્થી હિતોને સંતોષવા માટે કંઈ કરવું જોઈએ નહીં જે આર્થિક વાતાવરણ પર નકારાત્મક અસર કરશે. નેતાઓએ સમજવું જોઈએ કે અરાજકતા ફેલાવતી ચળવળો જાહેર ધ્યાન આકર્ષિત કરવાનો એક સરળ રસ્તો હોઈ શકે છે, પરંતુ લોકશાહીમાં, સત્તા પરિવર્તન ફક્ત ચૂંટણીલક્ષી જાહેર અભિપ્રાય, સ્પષ્ટ નીતિ પસંદગીઓ અને જાહેર વિશ્વાસ દ્વારા જ શક્ય છે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭ માટે ચેન્નાઈમાં રોડ-શો યોજાયો, રોડ-શોમાં ઔદ્યોગિક સહયોગ માટેની તકો પર ભાર મુકાયો

ચેન્નાઈ રોડ શોમાં સેમિકન્ડક્ટર, ઓટોમોટિવ, ઈલેક્ટ્રોનિક્સ અને અદ્યતન મેન્યુફેક્ચરિંગ (ઉત્પાદન) ક્ષેત્રની તકો પર ખાસ ભાર

ચેન્નાઈની તાજ કોરોમંડલ હોટેલ ખાતે યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (VGGS) ૨૦૨૭ના રોડ-શોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતની ઔદ્યોગિક તાકાત કેન્દ્રસ્થાને રહી હતી. રોડ-શોમાં રોકાણ, ટેક્નોલોજી ભાગીદારી અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે સહયોગ માટે નવી તકો શોધવા અગ્રણી ઉદ્યોગપતિઓ અને સરકારી પ્રતિનિધિઓ ભેગા થયા હતા.

રોડ શો પહેલાં, ગુજરાત સરકારના મહિલા અને બાળ કલ્યાણ રાજ્ય મંત્રી ડૉ. મનિષા વકીલ તેમજ ગુજરાત સરકારના અર્બન ડેવલપમેન્ટ એન્ડ અર્બન હાઉસિંગ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી શ્રી એમ. થેન્નારસન, IAS,ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન (GSEM)ના મિશન ડાયરેક્ટર શ્રીમતી નેહા કુમારી, IAS અને ગુજરાતના અન્ય પ્રતિષ્ઠિત મહાનુભાવોએ ચેન્નાઈની ૨૧ અગ્રણી સંસ્થાઓ અને ઉદ્યોગ પ્રતિનિધિઓ સાથે બેઠકો યોજી હતી. આ બેઠકમાં રાણે (મદ્રાસ) લિમિટેડ, ફુસો ગ્લાસ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, ફ્લોસિલ-બેટ કોટિંગ્સ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ, અશોક લેલેન્ડ લિમિટેડ, પોન પ્યોર કેમિકલ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, સેન્ટ-ગોબેન, જીએચ ઈન્ડક્શન ઈન્ડિયા, કેવિન કેર, જેકે ફિનર ઈન્ડિયા લિમિટેડ, ઈઆઈડી પેરી લિમિટેડ, કેએલએ, ઓર્બિટએડ એરોસ્પેસ પ્રાઈવેટ લિમિટેડ, સાલકોમ્પ મેન્યુફેક્ચરિંગ ઈન્ડિયા, આઈઆઈટી મદ્રાસ પ્રવર્તક, અગ્નિકૂલ કોસ્મોસ, ટેકિકનોવ, કોસ્મિક કોમ્પ્લાયન્સ ટેસ્ટ લેબ,GRT હોટેલ્સ એન્ડ રિસોર્ટ્સ, કોન એલિવેટર ઈન્ડિયા, ડેનફોસ અને રાજહંસ ઈમ્પેક્સના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

આ બેઠકમાં ગુજરાત અને તમિલનાડુ વચ્ચે ઔદ્યોગિક સહકાર, ઉભરતી ટેક્નોલોજી અને સંભવિત ભાગીદારી અંગેના આદાન-પ્રદાન કરવાની ચર્ચા કરવામાં આવી હતી. રોડ શોમાં અર્બન ડેવલપમેન્ટ એન્ડ અર્બન હાઉસિંગ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી શ્રી એમ. થેન્નારસન, IAS દ્વારા VGGS ૨૦૨૭ પર એક પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું , આ સાથે જ ગુજરાતની સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમને દર્શાવતી એક વિશેષ શોર્ટ ફિલ્મ પણ બતાવવામાં આવી હતી. ઉદ્યોગ પ્રતિનિધિઓએ રાજ્યમાં વ્યવસાયિક તકો અને ઔદ્યોગિક વિકાસ અંગેના પોતાના પ્રેક્ટિકલ અનુભવો અને મંતવ્યો પણ રજૂ કર્યા હતા.

સભાને સંબોધતા ગુજરાત સરકારના મહિલા અને બાળ કલ્યાણ રાજ્ય મંત્રી ડૉ. મનિષા વકીલે બંને રાજ્યો વચ્ચે મજબૂત ઔદ્યોગિક સહકારની સંભાવનાઓ પર ભાર મુકયો હતો. ડૉ. મનિષા વકીલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે “તમિલનાડુએ ઓટોમોટિવ મેન્યુફેક્ચરિંગ, ઈલેક્ટ્રોનિક્સ, એન્જિનિયરિંગ અને ટેક્નોલોજી ક્ષેત્રે અગ્રણી કેન્દ્ર તરીકે પોતાની ઓળખ બનાવી છે. જ્યારે ગુજરાત ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, બંદરો, સેમિકન્ડક્ટર, રિન્યુએબલ એનર્જી અને ગ્લોબલ કનેક્ટિવિટી ક્ષેત્રે પોતાની મજબૂત ક્ષમતાઓ ધરાવે છે. મને દ્રઢ વિશ્વાસ છે કે આપણા ઉદ્યોગો, સાહસિકો અને યુવા પ્રતિભાઓને સાથે લાવીને, આપણે નવીનતા, રોજગારી અને સહિયારી સમૃદ્ધિ માટે નવી તકોનું સર્જન કરી શકીશું. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના દુરદર્શી નેતૃત્વ હેઠળ, આપણા સામુહિક પ્રયાસો ’વિકસિત ભારત @૨૦૪૭’ તરફની યાત્રાને વધુ મજબૂત બનાવશે,’’.

ગુજરાત ભારતના મેન્યુફેક્ચરિંગ આઉટપુટમાં ૧૭% અને માલસામાન નિકાસમાં ૨૫% યોગદાન આપે છે. આ સંદર્ભમાં ચર્ચા દરમિયાન તમિલનાડુની સ્થાપિત ઓટોમોટિવ, ઈલેક્ટ્રોનિક્સ અને એન્જિનિયરિંગ ઈકોસિસ્ટમને ગુજરાતની ઉભરતી સેમિકન્ડક્ટર, અદ્યતન મેન્યુફેક્ચરિંગ અને લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડવાની તકો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

૧૧મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૧૦ થી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૭ દરમિયાન ગાંધીનગર ખાતે “વિકસિત ગુજરાત - શેપિંગ ગ્લોબલ ફ્યુચર’’ (વિકસિત ગુજરાત - વૈશ્વિક ભવિષ્યનું ઘડતર) થીમ હેઠળ યોજાશે, જે ઉદ્યોગો, નીતિઓ બનાવનાર અને ઉદ્યોગ અગ્રણીઓને એક મંચ હેઠળ લાવશે.

ચેન્નાઈનો આ રોડ શો ગુજરાત અને તમિલનાડુ વચ્ચેના ઔદ્યોગિક સંબંધોને માત્ર વાતચીત પૂરતા સીમિત ન રાખતા અર્થપૂર્ણ વ્યવસાયિક સહયોગ તરફ આગળ લઈ જવાની એક ઉત્તમ તક સાબિત થયો છે.

VGGS ૨૦૨૭ની તૈયારીઓ આગળ વધી રહી છે ત્યારે, ચેન્નાઈ અને સમગ્ર તમિલનાડુના સાહસો, સ્ટાર્ટઅપ્સ અને ઔદ્યોગિક સંસ્થાઓને તેમની કુશળતા, વિચારો અને ભાગીદારીની પ્રાથમિકતાઓ સાથે ગાંધીનગર પધારવા તેમજ આંતર-રાજ્ય મૂલ્ય શૃંખલા (વેલ્યુ ચેઈન) અને ભારતના આગામી તબક્કાના ઔદ્યોગિક વિકાસમાં યોગદાન આપવા માટે હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

મનપાનાં ૭ ઝોનલ સિવિક સેન્ટર હવે રવિવારે અને બીજા-ચોથા શનિવારે પણ ખુલ્લાં રહેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરના નાગરિકો માટે મહાનગરપાલિકા દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. હવે શહેરનાં ૭ ઝોનલ સિવિક સેન્ટર રવિવારે તેમજ દર મહિનાના બીજા અને ચોથા શનિવારે પણ ખુલ્લાં રહેશે. આ નિર્ણયથી નોકરી, ધંધા અને અન્ય વ્યસ્તતાના કારણે અઠવાડિયાના સામાન્ય કામકાજના દિવસોમાં સિવિક સેન્ટર સુધી પહોંચી ન શકતા નાગરિકોને રાહત મળશે. રજાના દિવસોમાં પણ જરૂરી કામગીરી કરાવી શકાશે, જેથી નાગરિકો પોતાની અનુકૂળતા મુજબ સેવાઓનો લાભ લઈ શકશે.

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા નાગરિકોની સુવિધાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. સામાન્ય રીતે સોમવારથી શુક્રવાર દરમિયાન નોકરી કે વ્યવસાયમાં વ્યસ્ત રહેતા અનેક લોકો માટે સરકારી અને વહીવટી કામગીરી કરાવવા સમય કાઢવો મુશ્કેલ બને છે. પરિણામે તેમને રજા લેવી પડે છે અથવા પોતાની કામગીરી મુલતવી રાખવી પડે છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને મનપા દ્વારા શહેરનાં તમામ ૭ ઝોનલ સિવિક સેન્ટર રવિવાર અને મહિનાના બીજા તથા ચોથા શનિવારે પણ કાર્યરત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ વ્યવસ્થાથી નાગરિકોને પોતાની અનુકૂળતા મુજબ સિવિક સેન્ટરની મુલાકાત લેવાની તક મળશે.

નવા આયોજન મુજબ, રવિવારે સિવિક સેન્ટર સવારે ૯ વાગ્યાથી સાંજે ૪:૩૦ વાગ્યા સુધી ખુલ્લાં રહેશે. આ સમયગાળા દરમિયાન નાગરિકો ઉપલબ્ધ સેવાઓનો લાભ લઈ શકશે. આ ઉપરાંત, દર મહિનાના બીજા શનિવારે અને ચોથા શનિવારે પણ શહેરનાં સાતેય ઝોનલ સિવિક સેન્ટર પર કામગીરી ચાલુ રહેશે. આમ, અઠવાડિયાના સામાન્ય કામકાજના દિવસો ઉપરાંત રજાના દિવસોમાં પણ નાગરિકોને જરૂરી વહીવટી કામગીરી પૂર્ણ કરવાની તક મળશે.

મનપાના આ નિર્ણયથી ખાસ કરીને નોકરી કરતા લોકો, વેપારીઓ અને અઠવાડિયાના કામકાજના દિવસોમાં સમય ન મેળવી શકતા પરિવારોને લાભ થવાની અપેક્ષા છે. હવે તેમને સિવિક સેન્ટરની મુલાકાત લેવા માટે માત્ર સામાન્ય કામકાજના દિવસો પર જ આધાર રાખવો નહીં પડે. રજાના દિવસોમાં સેવા ઉપલબ્ધ થવાથી નાગરિકો પોતાની અનુકૂળતા મુજબ કામ પૂરું કરી શકશે. સાથે જ, કામકાજના દિવસોમાં સિવિક સેન્ટરો પર રહેતી ભીડનું દબાણ ઘટાડવામાં પણ આ વ્યવસ્થા મદદરૂપ બની શકે છે.

અમદાવાદ મહાનગર પાલિકાના આ નિર્ણય હેઠળ શહેરનાં તમામ ૭ ઝોનલ સિવિક સેન્ટર આવરી લેવામાં આવ્યાં છે. એટલે કે, અલગ-અલગ ઝોનમાં રહેતા નાગરિકોને પણ રજાના દિવસોમાં આ સુવિધાનો લાભ મળી શકશે.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - ગુરૂવાર, ૨૨/૧૦/૨૦૨૬

અં.નં.	આઇટમ વિગત	આવક	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	મગફળી	૨૭૨૪૯	૧,૬૮૦.00	૨,030.00
૨	એરંડા	૨૪	૧,૭૨૮.00	૧,૭૩૫.00
3	ઘઉં	૪૭૬	૫૮૦.00	૬૪૭.00
૪	બાજરી	0	૪૫૦.00	૪૯૦.00
૫	મકાઇ	0	૫૨૦.00	૫૩૫.00
૬	મગ	૧૦	૧,૨૦૦.00	૧,૬૦૦.00
૭	અડદ	૫૯	૧,૬૦૦.00	૧,૭૨૨.00
૮	ગવાર	૮	૧,૨૫૧.00	૧,300.00
૯	કપાસ	૧૦૦	૧,૭૯૧.00	૧,૮૩૪.00
૧૦	સોયાબીન	૭૦૪	૧,૧૫૦.00	૧,૪૦૮.00

મુનિમજી સોફટવેર

'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્રને સાકાર કરશે દ્વારકાનું "શ્રી કૃષ્ણ મ્યુઝિયમ"

આધ્યાત્મિક વારસો, ભારતીય સંસ્કૃતિ અને આધુનિક ટેકનોલોજીના સમન્વયથી રૂ. ૯૨.૭૦ કરોડના ખર્ચે બનશે શ્રી કૃષ્ણ મ્યુઝિયમ

ઈમર્સિવ ઓડિયો-વિઝ્યુઅલ પ્રસ્તુતિઓ, ઈન્ટરએક્ટિવ ડિજિટલ ડિસ્પ્લે, 3D પ્રોજેક્શન મેપિંગ, ટચસ્ક્રીન માહિતી કિઓસ્ક અને મોશન સેન્સર દ્વારા મુલાકાતીઓને શ્રીકૃષ્ણના જીવનપ્રસંગો સાથે જોડવાનો પ્રયાસ કરાશે

ભારતની સમૃદ્ધ સંસ્કૃતિ અને આધ્યાત્મિક પરંપરા વિશ્વમાં આગવી ઓળખ ધરાવે છે. આ સાંસ્કૃતિક ધરોહર માત્ર આપણા ભવ્ય ઈતિહાસનું ગૌરવ જ નથી પરંતુ ભાવિ પેઢીઓ માટે પ્રેરણાનો સ્રોત, જીવનમૂલ્યોનો આધાર અને રાષ્ટ્રના સાંસ્કૃતિક આત્મવિશ્વાસનું પ્રતીક છે. આ અમૂલ્ય વારસાને જાળવીને તેને આધુનિક અભિગમ સાથે નવી પેઢી સુધી પહોંચાડવાના હેતુથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ‘વિકાસ ભી, વિરાસત ભી’ના મંત્રને સાકાર કરવાની દિશામાં દ્વારકામાં ‘શ્રી કૃષ્ણ સંગ્રહાલય’નું નિર્માણ થઈ રહ્યું છે. ચાર ધામ પૈકીના એક ધામ, ભારતની પવિત્ર સપ્તપુરીમાં સ્થાન ધરાવતી નગરી અને ભગવાન શ્રીકૃષ્ણની કર્મભૂમિ દ્વારકા આ સંગ્રહાલયના માધ્યમથી આધ્યાત્મિકતા અને આધુનિકતાના અનોખા સમન્વયનું કેન્દ્ર બનવા જઈ રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ભગવાન શ્રીકૃષ્ણના જીવનદર્શન, દિવ્ય લીલાઓ, માનવમૂલ્યો અને શ્રીમદ્ ભગવદ્ ગીતાના શાશ્વત સંદેશને આધુનિક ટેકનોલોજીના માધ્યમથી જનજન સુધી પહોંચાડવાનો આ પ્રયાસ ભારતીય સંસ્કૃતિની ભવ્યતાને નવી પેઢી સમક્ષ જીવંત કરશે.

★રૂ. ૯૨.૭૦ કરોડનો મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પ

દ્વારકાધીશ મંદિરથી આશરે ૧.૬ કિલોમીટરના અંતરે કુલ રૂ. ૯૨.૭૦ કરોડના ખર્ચે વિકસાવવામાં આવી રહેલું શ્રી કૃષ્ણ સંગ્રહાલય રાજ્ય સરકારનો મહત્ત્વાકાંક્ષી સાંસ્કૃતિક પ્રકલ્પ છે. આ પ્રકલ્પનો મુખ્ય ઉદ્દેશ ભગવાન શ્રીકૃષ્ણના જીવનચરિત્ર, તેમની દિવ્ય લીલાઓ, તેમના તત્ત્વજ્ઞાન અને ભગવદ્ ગીતાના જીવનોપયોગી સંદેશને એક જ સ્થળે, સુવ્યવસ્થિત અને આકર્ષક રીતે રજૂ કરવાનો છે. અહીં પરંપરાગત સંગ્રહાલયની કલ્પનાથી આગળ વધીને આધુનિક ડિજિટલ માધ્યમો દ્વારા મુલાકાતીઓને વિષય સાથે ભાવનાત્મક અને બૌદ્ધિક રીતે જોડશે. સંગ્રહાલયમાં શ્રી કૃષ્ણના જીવનના અનુરૂપ વિવિધ નવ થીમ આધારિત ગેલેરીઓનું નિર્માણ થઈ રહ્યું છે. આ ઉપરાંત વિશેષ લેન્ડસ્કેપ વિસ્તાર, કમળ તળાવ, લાઈટ એન્ડ સાઉન્ડ પ્રોજેક્શન શો અને એમ્ફિથિયેટર જેવી સુવિધાઓ પણ વિકસાવવામાં આવી રહી છે. આ તમામ વ્યવસ્થાઓ સંગ્રહાલયને જ્ઞાન, સૌંદર્ય, આધ્યાત્મિકતા અને મનોરંજક શૈક્ષણિક અનુભવનું સંયુક્ત કેન્દ્ર બનાવવામાં સહાયક બનશે.

★નવ ગેલેરીઓમાં શું શું હશે?

શ્રી કૃષ્ણ સંગ્રહાલયનું વિશેષ આકર્ષણ તેની નવ થીમ આધારિત ગેલેરીઓ હશે, જેમાં ભગવાન શ્રીકૃષ્ણના જીવનના વિવિધ પ્રસંગો અને તેમના તત્ત્વજ્ઞાનના અલગ-અલગ આયામોને રજૂ કરવામાં આવશે. ભગવાન શ્રીકૃષ્ણના જન્મથી શરૂ થતી આ યાત્રામાં તેમની બાળલીલાઓ, ગોકુલ અને વૃંદાવનના પ્રસંગો, ગોવર્ધન પર્વત ધારણ કરવાની લીલા, કાળિય નાગનું મર્દન અને રાસલીલા જેવા પ્રસંગોને વિશેષ સ્થાન મળશે. આ ઉપરાંત મથુરા ગમન, કંસવધ, સુવર્ણનગરી દ્વારકાની સ્થાપના અને મહાભારતમાં શ્રીકૃષ્ણની નિર્ણાયક ભૂમિકા પણ રજૂ કરાશે.

શિલ્પો, ચિત્રો, વિવિધ કળાકૃતિઓ, હસ્તકલા અને પ્રતિકૃતિઓ દ્વારા આ પ્રસંગોને દશ્યાત્મક રીતે રજૂ કરવામાં આવશે. પરિણામે મુલાકાતીઓ માટે શ્રીકૃષ્ણના જીવન અને તેમના ઉપદેશોને માત્ર વાંચવા કે સાંભળવા પૂરતા નહીં, પરંતુ અનુભવીને સમજવાની તક ઊભી થશે.

★આધુનિક ટેકનોલોજીથી જીવંત બનશે ભારતીય સંસ્કૃતિ

આધુનિક યુગમાં નવી પેઢી સુધી ઐતિહાસિક અને સાંસ્કૃતિક જ્ઞાન પહોંચાડવા માટે ટેકનોલોજી અત્યંત અસરકારક માધ્યમ બની છે. શ્રી કૃષ્ણ સંગ્રહાલયમાં આ બાબતને ધ્યાનમાં રાખીને અદ્યતન ડિજિટલ અને ઈમર્સિવ ટેકનોલોજીનો સમાવેશ કરવામાં આવશે.

ઈમર્સિવ ઓડિયો-વિઝ્યુઅલ પ્રસ્તુતિઓ, ઈન્ટરએક્ટિવ ડિજિટલ ડિસ્પ્લે, 3D પ્રોજેક્શન મેપિંગ, ટચસ્ક્રીન માહિતી કિઓસ્ક અને મોશન સેન્સર આધારિત અનુભવો દ્વારા મુલાકાતીઓને શ્રીકૃષ્ણના જીવનપ્રસંગો સાથે વધુ નજીકથી જોડવાનો પ્રયાસ કરવામાં આવશે. થીમેટિક લાઈટિંગ, સાઉન્ડસ્કેપ, ડિજિટલ સ્ટોરીટેલિંગ અને મલ્ટીમીડિયા પ્રોજેક્શનના સંકલનથી સંગ્રહાલયની મુલાકાત એક વિશિષ્ટ અનુભૂતિ બની શકે છે. ટેકનોલોજી અહીં માત્ર આકર્ષણનું સાધન નહીં, પરંતુ ભારતીય જ્ઞાનપરંપરાને સરળતાથી સમજવા અને તેના જીવનમૂલ્યોને આત્મસાત્ કરવા માટેનું માધ્યમ બનશે.

★આધ્યાત્મિકતા સાથે આધુનિક સુવિધાઓનો સમન્વય

વિશ્વસ્તરીય સાંસ્કૃતિક સ્થળ તરીકે સંગ્રહાલયનો વિકાસ કરવા માટે માત્ર પ્રદર્શનો પૂરતા નથી; મુલાકાતીઓની સુવિધા અને સુલભતા પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે. આ બાબતને ધ્યાનમાં રાખીને પ્રકલ્પમાં ડિજિટલ માહિતી વ્યવસ્થા, વિઝિટર ડેસ્ક, દિવ્યાંગજનો માટે પ્રવેશની સુવિધાઓ, કેફે, સોવેનિયર શોપ અને સુવ્યવસ્થિત પાર્કિંગ જેવી વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવશે.

★પ્રવાસન અને સ્થાનિક અર્થતંત્રને મળશે નવી ગતિ

દ્વારકામાં દેશના વિવિધ રાજ્યો ઉપરાંત વિદેશમાંથી પણ મોટી સંખ્યામાં ભાવિકો અને પ્રવાસીઓ આવે છે. દ્વારકાધીશ મંદિર, સમૃદ્ધ પૌરાણિક પરંપરા અને સમુદ્રકિનારો દ્વારકાની વિશેષ ઓળખ છે. જેમાં આગામી સમયમાં શ્રી કૃષ્ણ સંગ્રહાલય પ્રવાસીઓ માટે ધાર્મિક દર્શનની સાથે સાંસ્કૃતિક અભ્યાસ, ઈતિહાસની સમજ અને આધુનિક ટેકનોલોજી આધારિત અનુભવનું કેન્દ્ર બનશે.

આવા પ્રકલ્પોથી સ્થાનિક પ્રવાસનને વેગ મળવાની, પરિવહન, હસ્તકલા, સ્થાનિક વેપાર અને આતિથ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોને નવી તકો મળવાની સંભાવના છે.

★વૈશ્વિક મંચ પર ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ

શ્રી કૃષ્ણ સંગ્રહાલય ગુજરાતના સાંસ્કૃતિક પ્રવાસનને નવી ઓળખ આપવામાં મદદરૂપ બની શકે છે. સાથે જ તે ભારતની આધ્યાત્મિક પરંપરા અને આધુનિક વિકાસ વચ્ચેના સુમેળનું પ્રતીક બની શકે છે. પરંપરાગત વારસાને સાચવીને તેને નવી પેઢીની ભાષામાં રજૂ કરવાનો આ પ્રયાસ દ્વારકાની સાંસ્કૃતિક સમૃદ્ધિને ધાર્મિક અને સાંસ્કૃતિક પર્યટનના અગ્રણી કેન્દ્ર તરીકે સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના માર્ગદર્શન હેઠળ રાજ્યની આરોગ્ય સંસ્થાઓમાં સ્વચ્છતા અભિયાનને વેગ: ૬ લાખથી વધુ બિનઉપયોગી વસ્તુઓનો નિકાલ, ૧,૮૦૦ રૂમ જેટલી જગ્યા ઉપયોગ માટે ઉપલબ્ધ...

ગુજરાત સરકાર દ્વારા સરકારી કચેરીઓ અને આરોગ્ય સંસ્થાઓમાં વર્ષોથી પડેલી બિનઉપયોગી સામગ્રીનો નિકાલ કરી ઉપલબ્ધ જગ્યાનો મહત્તમ ઉપયોગ સુનિશ્ચિત કરવા હાથ ધરવામાં આવેલા સ્વચ્છતા અભિયાન અંતર્ગત ૬ લાખથી વધુ બિનઉપયોગી વસ્તુઓ દૂર કરવામાં આવી હોવાનો અહેવાલ છે. આ કામગીરીના પરિણામે સરકારી હોસ્પિટલ, આરોગ્ય કેન્દ્રો અને અન્ય આરોગ્ય સંસ્થાઓમાં અંદાજે ૧,૮૦૦ રૂમ જેટલી જગ્યા ખાલી થઈ છે, જેનો ઉપયોગ આરોગ્ય સેવાઓને વધુ સુવ્યવસ્થિત બનાવવા માટે થઈ શકશે.

રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, "આ કામગીરી બાદ સરકારી હોસ્પિટલ અને આરોગ્ય કેન્દ્રો ખાનગી સંસ્થાઓ જેટલાં સ્વચ્છ બન્યાં છે. હવે આ સ્વચ્છતા જળવાઈ રહે તે માટે પણ જરૂરી પગલાં લેવામાં આવશે."

આરોગ્ય સંસ્થાઓમાંથી બિનઉપયોગી સામગ્રી દૂર કરાઈ

સ્વચ્છતા અભિયાન અંતર્ગત આરોગ્ય સંસ્થાઓમાં લાંબા સમયથી બિનઉપયોગી હાલતમાં પડેલી વિવિધ સામગ્રીનો નિકાલ કરવામાં આવ્યો હતો. તેમાં તૂટેલી ટાઈલ્સ, કાચની બારીઓ, નળ, કમોડ, પાઈપલાઈન, છૂટા વાયર, ખરાબ સ્વિચ, ટ્યુબલાઈટ, પંખા, એરકન્ડિશનર, જૂનું ફર્નિચર, કમ્પ્યુટર, પ્રિન્ટર સહિતની વસ્તુઓનો સમાવેશ થાય છે.

અહેવાલ મુજબ, અભિયાન દરમિયાન આશરે ૫ લાખ ચાદર, ઓશીકાં અને ગાદલાં સહિતની સામગ્રી, આશરે ૧૦,૦૦૦ બિનઉપયોગી તબીબી સાધનો, ૨૦,૦૦૦ જેટલા બંધ પડેલા બલ્બ અને ટ્યુબલાઈટ તથા કાર્યરત ન હોય તેવા ૧૭,૨૬૬ ફાયર એક્સ્ટિંગ્વિશરનો નિકાલ કરવામાં આવ્યો હતો.

૧,૮૦૦ રૂમ જેટલી જગ્યા ખાલી થતાં આરોગ્ય સેવાઓને મળશે સુવિધા

આરોગ્ય વિભાગની વિવિધ સંસ્થાઓમાં હાથ ધરાયેલી કામગીરીથી અંદાજે ૧,૮૦૦ રૂમ જેટલી જગ્યા ઉપયોગ માટે ઉપલબ્ધ બની છે. આ જગ્યા ૧૦૦ રૂમ ધરાવતી ૧૮ હોસ્પિટલ જેટલી થાય છે. ખાલી થયેલી જગ્યાનો ઉપયોગ દર્દીઓ માટેની સુવિધાઓ વિકસાવવા, તબીબી સાધનોની વ્યવસ્થિત ગોઠવણી કરવા તથા આરોગ્ય સેવાઓના સંચાલનને વધુ સુદ્દઢ બનાવવા માટે થઈ શકે છે.

બિનઉપયોગી સામગ્રીને વ્યવસ્થિત રીતે દૂર કરવાથી સંસ્થાઓમાં સ્વચ્છતા જાળવવામાં, ઉપલબ્ધ જગ્યાનો યોગ્ય ઉપયોગ કરવામાં અને કાર્યસ્થળને વધુ સુવ્યવસ્થિત બનાવવામાં મદદ મળશે. નિકાલ કરાયેલી સામગ્રીમાંથી નિયમો અનુસાર વેચાણપાત્ર સામગ્રીના વેચાણ દ્વારા સરકારી આવક થવાની પણ શક્યતા છે.

૫,૪૮૬ જૂનાં સરકારી વાહનોના નિકાલનો અહેવાલ

સ્વચ્છતા અને બિનઉપયોગી સામગ્રીના નિકાલની કામગીરી આરોગ્ય વિભાગ ઉપરાંત અન્ય સરકારી વિભાગોમાં પણ હાથ ધરવામાં આવી છે.

સરકારી કચેરીઓમાંથી જૂનું ફર્નિચર, બિનઉપયોગી સામગ્રી અને જૂની ફાઈલો દૂર કરવાની કામગીરી પણ કરવામાં આવી છે.

આરોગ્ય સંસ્થાઓમાં ૮૦૭ એમ્બ્યુલન્સ અને અન્ય સરકારી વાહનો તૂટેલી હાલતમાં અથવા લાંબા સમયથી બિનઉપયોગી પડ્યાં હોવાનું સામે આવ્યું હતું. સ્વચ્છતા જાળવવા સતત પ્રયાસો જરૂરી સરકારી આરોગ્ય સંસ્થાઓમાં સ્વચ્છતા, સુવ્યવસ્થા અને ઉપલબ્ધ સંસાધનોનો મહત્તમ ઉપયોગ આરોગ્ય સેવાઓની ગુણવત્તા સાથે સીધો સંબંધ ધરાવે છે. બિનઉપયોગી સામગ્રી દૂર કરવાની સાથે ભવિષ્યમાં આવી સામગ્રીનો બિનજરૂરી સંગ્રહ ન થાય અને સ્વચ્છતા સતત જળવાઈ રહે તે માટે નિયમિત સમીક્ષા તથા જરૂરી પગલાં મહત્ત્વપૂર્ણ છે.

રાજ્ય સરકારના આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ...

સરકારી સંસ્થાઓમાં સ્વચ્છ અને સુવ્યવસ્થિત વાતાવરણ ઊભું કરવો, ઉપલબ્ધ જગ્યાનો અસરકારક ઉપયોગ સુનિશ્ચિત કરવો અને નાગરિકોને વધુ સુવિધાજનક આરોગ્ય સેવાઓ પૂરી પાડવાનો છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના વરદહસ્તે બોરસલીના વૃક્ષનું વાવેતર, ગ્રામજનો દ્વારા ૧૫૧ વૃક્ષોનું સામુહિક વૃક્ષારોપણ

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં સાણંદના વિંછીયા ગામે 'એક પેડ મા કે નામ ૩.૦' અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

વાવેલા છોડને ઋણ સ્વીકાર ભાવે ઓછામાં ઓછા ૨ વર્ષ સુધી દત્તક લઈને બાળક સમાન ઉછેરવો એ આપણી ફરજ : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીના આહ્વાનથી દેશભરમાં ચાલી રહેલા 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત સાણંદ તાલુકાના વિંછીયા ગામ ખાતે બળિયાદેવ મંદિર પ્રાંગણમાં 'એક પેડ મા કે નામ ૩.૦' અને સામાજિક વનીકરણ અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ખાસ ઉપસ્થિત રહીને બોરસલીના વૃક્ષનું વાવેતર કર્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ગ્રામજનો દ્વારા ઉત્સાહપૂર્વક ૧૫૧ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં રાજ્યપાલશ્રીએ 'એક પેડ મા કે નામ' ઝુંબેશની સફળતાને બિરદાવતાં કહ્યું કે, વૃક્ષ એ સાક્ષાત દેવતા છે, જે આપણને અને આપણી આવનારી પેઢીઓને પણ સંભાળે છે. માત્ર વૃક્ષ વાવવું પૂરતું નથી, પરંતુ તેને દત્તક લઈને ઓછામાં ઓછા ૨ વર્ષ સુધી બાળક સમાન ઉછેરીને મોટું કરવું એ આપણી નૈતિક ફરજ છે. જો વાવેલા વૃક્ષોને યોગ્ય માવજતના અભાવે સુકાવા દઈશું તો તે જીવહત્યા સમાન પાપ લાગશે, તેથી વાવેલા દરેક છોડનું યોગ્ય જતન થાય તે અત્યંત જરૂરી છે.

પર્યાવરણની ગંભીર સ્થિતિ અને ઓક્સિજનના મહત્વ વિશે વાત કરતાં તેમણે ઉમેર્યું હતું કે, વૃક્ષો આપણને જીવંત રાખતો પ્રાણવાયુ આપીને ઝેરી કાર્બન ડાયોક્સાઈડ પોતે ગ્રહણ કરી લે છે.

આજે સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિંગ, અનાવૃષ્ટિ અને અતિવૃષ્ટિ જેવી કુદરતી આપદાઓથી ચિંતિત છે ત્યારે પ્રકૃતિનું સંતુલન જાળવવું એ આપણી સહિયારી જવાબદારી છે. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે પરિવારમાં બાળકોના જન્મદિવસે પણ એક છોડ વાવીને તેમનામાં પર્યાવરણ જતનના સંસ્કારનું સિંચન કરવું જોઈએ, જેથી વૃક્ષ સાથે પરિવાર અને આવનારી પેઢીઓનો કાયમી ઈતિહાસ જોડાઈ રહે.

વિંછીયા ગામના તળાવની સ્વચ્છતાની સરાહના કરતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ગામનું ગંદુ પાણી તળાવમાં ન જવા દેવાનો વિંછીયાવાસીઓનો નિર્ણય અત્યંત અનુકરણીય છે. તેમણે ચિંતા વ્યક્ત કરી હતી કે પાણીનો વધારે બગાડ અને રાસાયણિક ખાતરોનો બેફામ ઉપયોગ જમીનને બંજર બનાવી રહ્યો છે, તેથી ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી તરફ વળવું જોઈએ.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી સુરજીતસિંહ ગોહિલ, તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી મુકતાબેન વાઘેલા, જિલ્લા કલેક્ટર શ્રી ભવ્ય વર્મા, ગામના સરપંચ સહિત ગ્રામજનો, અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દક્ષિણ કોરિયાના પ્રમુખ ટેક્સટાઈલ હબ 'દેગુ' ખાતે યોજાઈ 'ગુજરાત–કોરિયા રાઉન્ડટેબલ બેઠક'

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંતર્ગત નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત ડેલિગેશન દક્ષિણ કોરિયા પહોંચ્યું

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંતર્ગત વૈશ્વિક ભાગીદારીને મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે જાપાનના સફળ પ્રવાસ બાદ ગુજરાતનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ આજે દક્ષિણ કોરિયા પહોંચ્યું છે. દક્ષિણ કોરિયાનું 'દેગુ' (Daegu) શહેર દેશનું અગ્રણી અને પ્રમુખ ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી હબ માનવામાં આવે છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં આ ડેલિગેશને દેગુ સ્થિત 'કોરિયા ટેક્સટાઈલ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ' (KTDI) ખાતે આયોજિત 'ગુજરાત–કોરિયા ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી કો-ઓપરેશન રાઉન્ડટેબલ' બેઠકમાં ભાગ લીધો હતો. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, "ગુજરાતની ઓળખમાં ટેક્સટાઈલ વણાયેલું છે. કપાસના ખેતરોથી લઈને સ્પિનિંગ મિલો સુધી, અને અમદાવાદના ડેનિમથી લઈને સુરતના સિન્થેટિક ફેબ્રિક્સ સુધી-ગુજરાત 'ફાર્મ ટુ ફાઈબર, ફેક્ટરી ટુ ફેશન અને ફોરેન માર્કેટ્સ' સુધીની સમગ્ર વેલ્યુ ચેઈનને એક તાંતણે જોડે છે. ભારતનું અંદાજે ત્રીજા ભાગનું મેન-મેડ ફાઈબર ઉત્પાદન અને લગભગ ૬૫% ડેનિમ ઉત્પાદન એકલું ગુજરાત પૂરું પાડે છે. કોરિયા પાસે અદ્યતન ટેકનોલોજી, એડવાન્સ્ડ ફાઈબર્સ અને પરફોર્મન્સ મટિરિયલ્સની ઉત્કૃષ્ટ કુશળતા છે, જ્યારે ગુજરાત પાસે વિશાળ મેન્યુફેક્ચરિંગ ક્ષમતા અને ઈન્ટિગ્રેટેડ સપ્લાય ચેઈન છે. કોરિયાનું ઈનોવેશન અને ગુજરાતનું સાહસિક કૌશલ્ય સાથે મળીને વૈશ્વિક ટેક્સટાઈલ ક્ષેત્રે નવી ક્રાંતિ સર્જી શકે છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, "નવસારી ખાતે આશરે ૧,૧૪૨ એકરમાં આકાર લઈ રહેલો 'પીએમ મિત્રા ટેક્સટાઈલ પાર્ક' (PM MITRA Park) સ્પિનિંગ, વીવિંગ, પ્રોસેસિંગ, ટેકનિકલ ટેક્સટાઈલ અને ગારમેન્ટિંગ સહિતના સમગ્ર ઈકોસિસ્ટમને એક જ છત્ર હેઠળ લાવશે, જે કોરિયન કંપનીઓ માટે સહયોગ અને રોકાણનું એક આદર્શ પ્લેટફોર્મ પૂરું પાડે છે. સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ, હજીરા પોર્ટ અને ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરની ઉત્તમ કનેક્ટિવિટી આ પાર્કને વૈશ્વિક સ્તરે વધુ સક્ષમ બનાવે છે. અમે કોરિયન ઉદ્યોગસાહસિકોને માત્ર ઔપચારિક આમંત્રણ આપવા નથી આવ્યા પરંતુ તેમની જરૂરિયાતો સાંભળીને આગળ વધવા ઉત્સુક છીએ. આવો, ગુજરાતની મુલાકાત લો અને ઈનોવેશન તેમજ સસ્ટેનેબલ ગ્રોથ સાથે ભારત–કોરિયા મૈત્રીનો એક નવો અધ્યાય સાથે મળીને વણીએ." આ વિશેષ બેઠકનો મુખ્ય હેતુ ગુજરાત અને દક્ષિણ કોરિયાના ટેક્સટાઈલ ક્ષેત્ર, ખાસ કરીને ટેક્સટાઈલ મશીનરી અને ફેબ્રિક મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે તકનીકી આદાનપ્રદાન, વ્યાપારી સહયોગ અને સંભવિત રોકાણોની તકો શોધવાનો હતો. આ બેઠકની શરૂઆતમાં નાયબ મુખ્યમંત્રીશ્રી અને ડેલિગેશને KTDIના અદ્યતન રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, પાઈલટ ફેસિલિટીઝ તથા ટેસ્ટિંગ અને એનાલિસિસ સેન્ટરનું નિરીક્ષણ કર્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં 'યંગવન કોર્પોરેશન' ના પ્રેસિડેન્ટ શ્રી જે-યોંગ પાર્કે ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. સિયોલ સ્થિત ભારતીય દૂતાવાસના ડેપ્યુટી ચીફ ઓફ મિશન શ્રી નિશિકાંત સિંઘે પ્રારંભિક વક્તવ્ય આપી બંને દેશો વચ્ચેના વ્યાપારિક સંબંધો પર પ્રકાશ પાડ્યો હતો.

ઉદ્યોગ અને ખાણ વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી શ્રીમતી મમતા વર્માએ ગુજરાતના સમૃદ્ધ ટેક્સટાઈલ ઉદ્યોગ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અનુકૂળ નીતિઓ અને કોરિયન કંપનીઓ માટે સહયોગની ઉજ્જવળ તકો અંગે પ્રભાવશાળી પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ મુખ્ય વક્તવ્ય આપતાં ટેક્સટાઈલ ક્ષેત્રે વૈશ્વિક સ્તરે આગવી ઓળખ ધરાવતા દેગુ શહેરના અગ્રણી ટેક્સટાઈલ અને મશીનરી ઉત્પાદકોને આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં સહભાગી થવા તેમજ ગુજરાતમાં રોકાણ અને સંયુક્ત સાહસો સ્થાપવા ભાવભર્યું આમંત્રણ આપ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે ગુજરાતનું ટેક્સટાઈલ ઈકોસિસ્ટમ કોરિયાની અત્યાધુનિક ટેકનોલોજી સાથે જોડાઈને પરસ્પર વિકાસના નવા દ્વારા ખોલશે. બેઠકમાં ઉપસ્થિત કોરિયન ટેક્સટાઈલ મશીનરી અને ફેબ્રિક ઉત્પાદકો સાથે પ્રશ્નોત્તરી તથા પરસ્પર સહયોગ અંગે વિસ્તૃત વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. આ રાઉન્ડટેબલ બેઠકમાં ગુજરાત સરકાર વતી ઉદ્યોગ કમિશનર શ્રી પી. સ્વરૂપ, નાણા વિભાગના સંયુક્ત સચિવ (બજેટ) શ્રી અરવિંદ વી., સંયુક્ત ઉદ્યોગ કમિશનર શ્રી કનક ડેર, નાયબ મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી આશિષ કુમાર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે દક્ષિણ કોરિયા તરફથી Youngone Corporation, KTDI તેમજ મિકવાંગ (Mikwang), એસ (Ace), સામિલ (Samil), વૂયાંગ (Wooyang), ઈલસંગ (Ilsung) જેવી જાણીતી ૮ ટેક્સટાઈલ મશીનરી કંપનીઓ તથા હેવોન ટ્રેડિંગ (Haewon Trading), બોહ્યુન ટેક્સટાઈલ (Bohyun Textile), ડોંગજિન (Dongjin) અને હ્યુન્ડાઈ કેમિકલ ફાઈબર (Hyundai Chemical Fiber) જેવી ૪ અગ્રણી ફેબ્રિક મેન્યુફેક્ચરિંગ કંપનીઓના વડાઓ અને સીઈઓ સહિત કુલ ૨૮ જેટલા ડેલિગેટ્સે ભાગ લીધો હતો.

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળમાં રેલ જન સંવાદનું આયોજન

ભારતીય રેલવે દ્વારા આજે, ૨૨ ઑક્ટોબર ૨૦૨૬ના રોજ દેશના તમામ રેલવે સ્ટેશનો પર રાષ્ટ્રવ્યાપી 'રેલ જન સંવાદ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.સ્પેશિયલ કેમ્પેઈન ૬.૦ અંતર્ગત આયોજિત આ કાર્યક્રમમાં પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના મંડળ રેલવે પ્રબંધક રાજુ ભડકેએ વડોદરા રેલવે સ્ટેશન પર સ્વચ્છતા અને મુસાફરોને પૂરી પાડવામાં આવતી સુવિધાઓ અંગે મુસાફરો તથા પેસેન્જર એસોસિએશન સાથે સંવાદ કર્યો હતો.

આ દરમિયાન મંડળ રેલવે પ્રબંધક દ્વારા ઉપસ્થિત રેલવે કર્મચારીઓને સ્વચ્છતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત, મુસાફરોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવા માટે સિવિલ ડિફેન્સની ટીમ દ્વારા નુક્કડ નાટક પણ રજૂ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી સિનીયર મિકેનિકલ એન્જીનીયર અનિલ કુમારે મંડળની વિવિધ સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી ખેમરાજ મીણા દ્વારા જારી કરવામાં આવેલી પ્રેસ રિલીઝ અનુસાર, વડોદરા મંડળ હેઠળ વડોદરા, ભરૂચ, નડિયાદ, આણંદ અને ગોધરા સહિત કુલ ૨૧ રેલવે સ્ટેશનો પર નિયુક્ત અધિકારીઓ દ્વારા જનસંવાદ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મંડળના અન્ય રેલવે સ્ટેશનો પર સ્ટેશન સુપરિન્ટેન્ડેન્ટ દ્વારા જનસંવાદ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ અભિયાન અંતર્ગત આજે વડોદરા મંડળનાં રેલવે સ્ટેશનો પર સ્વચ્છતા અને મુસાફર સુવિધાઓ અંગે રેલવેના અધિકારીઓ તથા કર્મચારીઓએ મુસાફરો, યુવાનો અને સ્થાનિક હિતધારકો સાથે સીધો સંવાદ કર્યો હતો. આ દરમિયાન તેમની સમસ્યાઓ અને સૂચનોની નોંધ લેવામાં આવી હતી. કાર્યક્રમ બાદ મંડળનાં તમામ રેલવે સ્ટેશનો અને પરિસરોમાં શ્રમદાન પણ કરવામાં આવ્યું હતું.

આ અભિયાન અંતર્ગત સ્ટેશન પરિસરમાં નુક્કડ નાટક અને સ્ટ્રીટ પ્લેના માધ્યમથી મુસાફરોને સ્વચ્છતા અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, સ્ટેશનો પર ઉપસ્થિત રેલવે કર્મચારીઓએ પણ સ્વચ્છતાના શપથ લીધા હતા. આ અભિયાનના માધ્યમથી પશ્ચિમ રેલવેનું વડોદરા મંડળ માત્ર પડતર પ્રશ્નોના નિકાલ પર જ ભાર મૂકી રહ્યું નથી, પરંતુ રેલવે સ્ટેશનો પર સ્વચ્છતા, કચરા વ્યવસ્થાપન અને નાગરિકોની સહભાગિતાને વધુ સુદૃઢ બનાવવાના પ્રયાસો પણ કરી રહ્યું છે.

ભાવનગર મંડળના મંડળ રેલવે પ્રબંધક શ્રી દિનેશ વર્માએ ભાવનગર ટર્મિનસ ખાતે મુસાફરો સાથે કર્યો જનસંવાદ

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા વિશેષ સ્વચ્છતા અભિયાન ૬.૦ અંતર્ગત ૨૨ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ મંડળનાં વિવિધ રેલવે સ્ટેશનો અને ટ્રેનોમાં 'રેલ જન સંવાદ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પહેલનો હેતુ મુસાફરો સાથે સીધો સંવાદ સ્થાપિત કરીને સ્વચ્છતા વ્યવસ્થા, ઉપલબ્ધ મુસાફર સુવિધાઓ અને રેલ મુસાફરીના અનુભવ અંગે તેમનાં સૂચનો અને પ્રતિસાદ મેળવવાનો તથા સેવાઓમાં સતત સુધારો સુનિશ્ચિત કરવાનો હતો.

આ જ ક્રમમાં ભાવનગર ટર્મિનસ રેલવે સ્ટેશન ખાતે મંડળ રેલવે પ્રબંધક શ્રી દિનેશ વર્માએ મુસાફરો સાથે સીધો સંવાદ સાધીને સ્ટેશનની સ્વચ્છતા વ્યવસ્થા અને ઉપલબ્ધ મુસાફર સુવિધાઓ અંગે માહિતી મેળવી હતી. તેમણે મુસાફરોના મુસાફરીના અનુભવો, સૂચનો અને અપેક્ષાઓ ધ્યાનપૂર્વક સાંભળ્યાં હતાં. આ દરમિયાન મુસાફરોએ રેલવે દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસો તથા સ્ટેશનો અને ટ્રેનોમાં સ્વચ્છતાની વ્યવસ્થાની પ્રશંસા કરી હતી.

આ પ્રસંગે મંડળ રેલવે પ્રબંધકે મુસાફરોને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરતાં કચરાનો યોગ્ય નિકાલ કરવા, નિર્ધારિત સ્થળોએ જ કચરો નાખવા તથા રેલવે પરિસર અને ટ્રેનોમાં સ્વચ્છતા જાળવવામાં સક્રિય સહયોગ આપવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે સ્વચ્છ રેલવે પરિસરના નિર્માણમાં રેલવે પ્રશાસનના પ્રયાસોની સાથે મુસાફરોની ભાગીદારી પણ અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, આ અભિયાન અંતર્ગત ભાવનગર મંડળની વિવિધ ટ્રેનોમાં મુસાફરી કરી રહેલા મુસાફરો પાસેથી પણ રેલવે કર્મચારીઓ દ્વારા સ્વચ્છતા સંબંધિત પ્રતિસાદ મેળવવામાં આવ્યો હતો. મુસાફરો પાસેથી મળેલા સૂચનો અને અનુભવોના આધારે સ્વચ્છતા વ્યવસ્થા તથા મુસાફર સુવિધાઓને વધુ અસરકારક બનાવવાની દિશામાં જરૂરી પગલાં લેવામાં આવશે.

મંડળ રેલવે પ્રબંધક શ્રી દિનેશ વર્માએ જણાવ્યું હતું કે, "મુસાફરો સાથે સીધો સંવાદ તેમની જરૂરિયાતો અને અપેક્ષાઓ સમજવા તથા મુસાફર સુવિધાઓમાં સતત સુધારો કરવા માટેનું એક અસરકારક માધ્યમ છે. રેલવે પ્રશાસન મુસાફરોને સ્વચ્છ, સુરક્ષિત અને સુવિધાજનક મુસાફરીનો અનુભવ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે. રેલવે પરિસરને સ્વચ્છ રાખવું એ આપણા સૌની સામૂહિક જવાબદારી છે. રેલવે પ્રશાસન પોતાના સ્તરે સતત પ્રયાસો કરી રહ્યું છે અને આ અભિયાનને સફળ બનાવવા માટે મુસાફરોનો સહયોગ પણ અપેક્ષિત છે. જનભાગીદારી અને સામૂહિક પ્રયાસો દ્વારા 'સ્વચ્છ રેલ, સ્વચ્છ ભારત'ના સંકલ્પને સાકાર કરી શકાય છે."

મંડળ રેલવે પ્રબંધકે મુસાફરોને સ્વચ્છતા સંબંધિત ફરિયાદો અને સૂચનો માટે રેલવેની એકીકૃત હેલ્પલાઈન ૧૩૯ તથા રેલ મદદ (Rail Madad)નો ઉપયોગ કરવાની માહિતી પણ આપી હતી. મુસાફરોએ સ્વચ્છતા અભિયાનની આ પહેલને આવકારી હતી અને રેલવે પરિસરને સ્વચ્છ રાખવામાં સહયોગ આપવાની ખાતરી આપી હતી. પશ્ચિમ રેલવેનું ભાવનગર મંડળ મુસાફરોનો સંતોષ વધારવા, મુસાફર સુવિધાઓમાં સતત સુધારો કરવા તથા સ્વચ્છતા પ્રત્યે જનજાગૃતિ વિકસાવવા માટે પ્રતિબદ્ધ છે. 'રેલ જન સંવાદ' જેવા કાર્યક્રમો રેલવે પ્રશાસન અને મુસાફરો વચ્ચે વધુ સારો સમન્વય સ્થાપિત કરવામાં તથા સ્વચ્છતાને જનભાગીદારી દ્વારા જનઆંદોલન બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે.

કાંકરિયા કાર્નિવલ પહેલા ખુલ્લું મુકાશે અનોખું કેન્ડી વર્લ્ડ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ અમદાવાદના જાણીતાં કાંકરિયામાં કાર્નિવલની શરુઆત થવાનો છે. જેની તૈયારીના ભાગરુપે વિવિધ આકર્ષણો ઉભા કરવાની તંત્ર દ્વારા કામગીરી શરુ કરી દેવામાં આવી છે, તેની કડીના ભાગરુપે કાંકરિયા લેકફ્રન્ટ પાસે ગેટ નંબર ૨ પાસેની ખુલ્લી જગ્યામાં PPP મોડેલ હેઠળ રંગબેરંગી 'કેન્ડી વર્લ્ડ'નું નિર્માણ કરવાની તૈયારી કરવામાં આવી છે. આ અનોખા પાર્કમાં રંગબેરંગી કેન્ડી, મેઘધનુષી લપસણી અને ચોકલેટનો મહેલ આવશે. જે બાળકોમાં ખુબ જ આકર્ષણનું કેન્દ્ર બનશે.કાર્નિવલ પહેલા કેન્ડી વર્લ્ડ તૈયાર કરાશેકાંકરિયા કાર્નિવલ પહેલા આ 'કેન્ડી વર્લ્ડ' બનીને તૈયાર કરી દેવાશે.

પશ્ચિમ રેલ્વે

મટિરિયલ મેનેજમેન્ટ વિભાગ

ઇ-ઓક્શન સેલ પ્રોગ્રામ માટે શુધ્ધિપત્ર

આ કાર્યાલયની તા. 04.09.2026 ની ઈ-હરાજી વેચાણ સૂચના ક્રમાંક S III/Auction Programme-1/October 2026 ના સંદર્ભમાં, ઉપર જણાવેલ ઈ-હરાજી કાર્યક્રમમાં નીચે મુજબનો સુધારો બહાર પાડવામાં આવ્યો છે.

MMCT ડિવિઝન ખાતે ઓક્ટોબર-2026 મહિનામાં, તા. 26.10.2026 ના રોજ યોજાનારો ઈ-હરાજી વેચાણ કાર્યક્રમ હવે પુનઃનિર્ધારિત કરવામાં આવ્યો છે અને તે તા. 30.10.2026 ના રોજ યોજાશે.

અન્ય તમામ નિયમો અને શરતો યથાવત રહેશે. વધુ માહિતી માટે કૃપા કરીને પશ્ચિમ રેલ્વે ના મટિરિયલ મેનેજમેન્ટ વિભાગની વેબસાઇટ www.wr.indianrailways.gov.in તેમજ ઈ-હરાજી પોર્ટલ www.ireps.gov.in ની મુલાકાત લો.

0727

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

બ્રોકરોમાંથી બિલ્ડરો બનેલા લોકોની કરોડો રૂપિયાની જમીનો પચાવી પાડી કરોડોમાં રમતા થઈ ગયા છે

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા) સુરત

સુરત શહેર અને જિલ્લામાં મોટા મોટા પ્રોજેક્ટોના મોટા હોર્ડિંગ્સો લાગેલા હોય છે. આ હોર્ડીંગ્સો લગાવનારા પૂર્વે કોઈ કરિયાણાની દુકાન ચલાવતા હતા, તો કોઈ તેલનો ધંધો કરતા હતા, કોઈ કાપડના બ્રોકર (આડતિયા) તરીકે ધંધો કરતા હતા, કોઈક ટેક્સ્ટાઈલ માર્કેટમાં કાપડની દુકાનનો નાનો-મોટો ધંધો કરતા હતા, કોઈક એસીયન્ટ પેઈન્ટ કલરનો ધંધો કરતા હતા, માર્કેટોમાં દુકાનોની બ્રોકરિંગ કરતાં હતા તે બ્રોકરો આજે મોટા ગજાના બિલ્ડરો બની બેઠા છે અને એમના ધ્વારા ઉપરોક્ત હોર્ડીંગ્સો લગાવવામાં આવેલા હોય છે જેવાકે માર્કેટ, ઈન્ડસ્ટ્રીયલ, રેસિડેન્સિયલ હાઈરાઈઝ બિલ્ડિંગો હોય, કોમર્શિયલ બંગલા કે સોસાયટી હોય તે એક સમયમાં નાના મોટા ધંધા જ કરતા આવ્યા હતા.. જે નાની-મોટી જગ્યાની બ્રોકરીંગ કરનારા જે આજે ટૂંક સમયમાં કોઈકના કોઈકના માધ્યમથી નાના-મોટા રાજકીય આગેવાનોની આંગળી પકડી એકાએક રાજયના મુખ્યમંત્રી કે દેશના વડાપ્રધાન સુધી પહોંચનારાઓ પાસે એકાએક જાદુઈ છડી આવી જાય છે કે પારસ મણિ પથ્થરની જેમ લોખંડ પણ સોનું બની જાય છે એવું બની જાય છે કે પછી રાતોરાત નોટ છાપવાની મશીનો લાગી જાય છે તેનાથી કરોડો-અબજોના માલિક બની જતા હોય છે એ વિચારવા જેવો સવાલ છે.

ત્યારે એની આ જાહોજહાલી પાછળનું રહસ્યતો ખરેખર રાજકીય આગેવાનો, IAS, IPS અધિકારીઓના મેળાપીપણામાં વિવાદિત જગ્યા હોય અથવા કોઈ મંદિરો કે ટ્રસ્ટની જગ્યા હોય કે વકફ બોર્ડની જગ્યા હોય કે અશાંતધારામાં આવતી જગ્યા હોય આવી બધી મિલકતો બિલ્ડરોને પધરાવવા માટે આવતી હોય છે અને પ્લાન મંજૂર થઈ જતાં હોય, કાયદેસર લીગલી કરી દેવામાં આવતા હોય છે. આડકતરી રીતે કોઈ પણ અડચણ હોય તો રાજકીય આશીર્વાદ અને અધિકારીઓની મીલીભગત ના કારણે એમના પ્લાન મંજૂર થઈ જતાં હોય છે, રજા ચિઠ્ઠી, BUC પરમિશન, NOC પણ મળી જતી હોય ત્યારે નાના-મોટા મધ્યમ વર્ગના લોકોને પોતાને રહેવા માટે એક મકાનની મહત્વકાંક્ષા હોય છે સાથે સાથે રોજીરોટી માટે કોર્મિશીયલ દુકાન કરવા માટે તેમના પ્લાન મંજૂર થતા નથી. ત્યારે એની સામે મોટા માથાવાળા બિલ્ડરોના પ્રોજેક્ટમાં ડિમોલેશનો કરાતાં નથી, પછી ભલે તેમાં રેસિડન્સ ના પ્લાન મંજૂર થયો હોય છતાં કોમર્શિયલ માર્કેટો ઊભી કરવામાં આવે છે. પછી ભલે તે આજુબાજુની સોસાયટીઓના રહીશોને વાંધો હોવા છતાં પ્રપોજલ રોડ રસ્તા ના વિવાદ હોવા છતાં માર્કેટોના પ્લાન મંજૂર કરી દેવાતા હોય છે. અને માર્કેટો બનાવી દેતા હોય છે.

અને આવી કોમર્શિયલ માર્કેટોમાં બ્રોકરોના માધ્યમથી ૩૫% થી ૪૦% એડવાન્સ બુકિંગની રકમ લઈને અને એજ પ્રોજેકટોને ૧૦-૧૨ વર્ષો સુધી પૂરા કરવામાં આવતા નથી અને ૧૦-૧૨ વર્ષ સુધી આવા પ્રોજેકટો ધૂળ ખાતા પડી રહે છે રેરાના કાયદા મુજબ બાંધકામ અંગે ચોક્કસ સમય મર્યાદા નક્કી કરેલ હોય છે છતાં તેનો સરેઆમ ભંગ કરાય છે છતાં કાયદાનું પાલન કરાવવાની જેઓની જવાબદારી છે તેઓ અગમ્ય કારણોસર આ બાબત ઉપર લક્ષ આપવામાં નિષ્ફળ ગયા છે કે તેઓનું ધ્યાન બીજે કેન્દ્રિત કરવા વહેવારો થયેલા છે અને જરૂરિયાતમંદો પાસેથી દુકાનો બુક કરાવી ૩૫% થી ૪૦% એડવાન્સ લઈ લેતા હોય છે. જે માત્ર સોદા-ચિઠ્ઠી કે ડાયરી પરથી લાખો,કરોડો રૂપિયા લઈ લેતા હોય છે. અને ૧૦-૧૨ વર્ષ સુધી પ્રોજેક્ટોના પઝેશન સોંપવામાં આવતા નથી. ૩૫%-૪૦% પૈસા લીધા હોવા છતાં અન્ય વ્યક્તિ ના નામે દુકાનો બૂક કરાવેલ હોય તો અન્ય ને વેચી મારતા હોય છે.

રેરાના કાયદા મુજબ સમયમર્યાદામાં પ્રોજેક્ટ પૂરા ના થાય તો જે જરૂરિયાતમંદો એ પૈસા ભરેલા હોય અને નિયમિત સમયમાં પઝેશન મળતું નથી. તેવા બિલ્ડરો ઉપર રેરાના કાયદા મુજબ સમય મર્યાદામાં પ્રોજેક્ટ પૂરા ના થયા હોય તે ઉપર લીગલ કાર્યવાહી થઈ શકે છે. અને તેઓના સિગ્નેચર એક્ષ્પોર્ટ ના માધ્યમથી સોદા-ચિઠ્ઠી કે ડાયરી ઉપરથી જે પૈસા લાખો-કરોડોમાં લેવામાં આવ્યા છે તેની ઉપર ૪૨૦ ના ગુનાની ક્રિમિનલ (ફોજદારી) ફરિયાદ કરીને ગુનો દાખલ થઈ શકે. તે માટે ન્યાયાલય ધ્વારા પણ ગુનો દાખલ થઈ શકે છે. આવા પ્રોજેકટોમાં જે લોકોના નાણાં ફસાયેલા છે એ લોકોએ બિલ્ડરોથી ડરવું ના જોઈએ. અને જેમની પાસે સોદા-ચિઠ્ઠી, ડાયરી હોય તેઓને લાગતું હોય કે તેઓ પાસે પાકા પુરાવા રજીસ્ટર સાટાખત કે દસ્તાવેજ નથી એટલે એવું નહીં માની લેવાનું કે લીગલી બિલ્ડરો ઉપર કશું થઈ શકતું નથી એ ખોટી માન્યતા છે.

આમ આવી રીતે બિલ્ડરોથી છેતરાયેલા લોકો હોય તેમને લીગલી રીતે એડવોકેટના માધ્યમથી સમય મર્યાદા ૧૦-૧૫ દિવસની નોટિસ આપવામાં આવે. એ નોટિસ આપ્યા પછી નિકાલ નહીં થાય અથવા સંતોષકારક જવાબ આપવામાં નહીં આવેતો લીગલી સોદા ચિઠ્ઠી, ડાયરી ઉપર સાઈન થયેલા સિગ્નેચર, સિગ્નેચર એક્સપર્ટ ધ્વારા ચેક કરાવી ન્યાયાલયમાં વિકાસ ગ્રાહક સુરક્ષા અને સંશોધન કેન્દ્ર ના માધ્યમથી ગુનો દાખલ કરાવી શકાય છે. રેરા ના કાયદા મુજબ સમયમર્યાદામાં પઝેશન નહીં મળે તો વ્યાજ સાથે પૈસાની ચુકવણી પણ વસૂલ કરી શકે છે. અને ન્યાયાલયમાં પોતાના એડવોકેટ ધ્વારા જે ખર્ચો થાય તે જ તમારે ભોગવવો પડશે અને ન્યાય મેળવી શકાય છે.

હવે જોઈએ કેટલાક એવા પ્રોજેકટો કે જેમાં ઘણા લોકોના નાણાં ફસાયેલા છે એમને નથી નાણાં પાછા મળ્યા કે નથી એમણે બુકિંગ કરાવેલી મિલકત મળી.

પ્રાપ્ત માહિતી મુજબ સુરત શહેરના રાજહંસ ગ્રૂપ ધ્વારા રાંદેર ગોરટમાં અશાંતધારાનો દૂર ઉપયોગ કરે છે. જેનો સર્વે નં. ૪૩૫, ટી.પી સ્કીમ નં. ૧૧ (અડાજણ) ફા પ્લોટ નં. ૮૬ વાળી જમીન ઉપર બાંધવામાં આવેલ "રાજહંસ યુનિકા" ના બિલ્ડિંગ નં. એ, બી, સી, ડી, ઈ, એફ, જી. તેમજ સહારા દરવાજા કોર્નર પોઈન્ટ પર ટ્વિન ટાવર, ઓર્બિટ ટાવર અને ૧૦૧ સુરાણા થી પેટ્રોલ પંપ સુધી આગળ ટેક્ષટાઈલ માર્કેટ સુધી આવેલા સુરાણા બિલ્ડરોનો પ્રોજેકટો છે તે જગ્યા નવાબની છે અને લીઝ પટ્ટાની છે. એ પણ લોકોની આંખમાં ધૂળ નાંખી છે. જે રીતે સુરત ટેક્ષટાઈલ માર્કેટની લીઝ પૂરી થતાં આ માર્કેટોના વેપારીઓ એ રાતા પાણી રોવાનો વાળો આવ્યો છે.એજ રીતે સુરાણા પ્રોજેકટની લીઝ પૂરી થતાં તે માર્કેટના લોકોને પણ રોવાનો વાળો આવવાનો છે. આવી જ રીતે ગ્લોબલ ટેક્ષટાઈલ માર્કેટના બિલ્ડરો SNS ગ્રુપના માધ્યમથી એ ગ્લોબલ માર્કેટની જગ્યા નવાબની છે અને લીઝ પટ્ટાની છે. તેમાં વકફ બોર્ડની પરમીશન લેવામાં આવી નથી. લીઝ પટ્ટા પર હોય તો દસ્તાવેજ કરવાનો કોઈ રાઈટ હોતો નથી. તે પણ એક SNS ગ્રુપના બિલ્ડરો ધ્વારા વેપારીઓ સાથે મોટો ફ્રોડ કર્યો છે અને લોકોની આંખમાં ધૂળ નાંખી છે. એજ રીતે સાકેત માર્કેટના બિલ્ડરો ધ્વારા રેસિડન્ટ વિસ્તાર હોવા છતા પ્રપોઝલ રોડ બતાવી પ્લાન મંજૂર કરાવેલ છે. ૧૦–૧૨ વર્ષ સુધી લોકોને કબ્જા સુપરત કરવામાં આવ્યા નથી. ૩૫%–૪૦% બુકિંગના લાખો-કરોડો રૂપિયા રકમ લઈ બુકિંગ કરાવનારાઓને વર્ષો સુધી પઝેશન મળેલ નથી. અને તેમ કરી રેરાના કાયદાનો ભંગ કરેલ છે અને કાયદા મુજબ વ્યાજ સહિત નાણાં ચૂકવવા જોઈએ.

સુરત શહેર અને જિલ્લામાં IAS,IPS અધિકારીઓ તરીકે નિમણૂંક પામેલા અધિકારીઓએ તેમની બે નંબરની કમાણી મોટા-મોટા બિલ્ડરોના પ્રોજેક્ટોમાં જે રોકાણો કરેલા છે એજ રીતે મોટા મોટા રાજકારણીઓ પણ તેઓની કાળી કમાણી આવા પ્રોજેકટોમાં રોકી આવા બિલ્ડરોના ભાગીદાર બનતા હોય છે. અને આ રીતે આ અધિકારીઓ અને રાજકારણીઓના પૈસે બિલ્ડરો આજે લાખો-કરોડોમાં રમતા થઈ ગયા છે.

અમદાવાદમાં સાયબર ઠગાઈ

નવા નરોડાના વેપારીના બેંક ખાતામાંથી રૂપિયા ૩.૭૦ લાખ ઉપડી ગયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના નવા નરોડા વિસ્તારમાં રહેતા અને ઓઢવમાં ફોર-વ્હીલરનું ગેરેજ ચલાવતા વેપારી સાથે રૂ. ૩.૭૦ લાખની સાયબર છેતરપિંડી થયાનો બનાવ સામે આવ્યો છે. અજાણ્યા શખસે વેપારીની જાણ બહાર તેમના બેંક ખાતામાંથી અલગ-અલગ વ્યવહારો દ્વારા નાણાં ઉપાડી લીધા હતા. ઘટનાની જાણ થતાં વેપારીએ તાત્કાલિક બેંકનો સંપર્ક કર્યો હતો અને સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ કરવાની સાથે સાયબર પોર્ટલ પર પણ અરજી કરી હતી. જોકે, નાણાં હોલ્ડ ન થતાં આખરે કૃષ્ણનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, નવા નરોડામાં ઉમા સ્કૂલ સામે આવેલી સોમેશ્વર પાર્ક સોસાયટીમાં રહેતા ૩૯ વર્ષીય ધર્મેશકુમાર મગનલાલ ગજેરા ઓઢવમાં આસ્થા એસ્ટેટ પાસે ભાડેથી ફોર-વ્હીલરનું ગેરેજ ચલાવે છે. ગત ૨ ઓક્ટોબરના રોજ સાંજે તેઓ ઘરે હતા ત્યારે તેમના મોબાઈલ ફોન પર બેંક ખાતામાંથી નાણાં કપાયાના મેસેજ આવવા લાગ્યા હતા.

શરૂઆતમાં તેમના ICICI બેંક ખાતામાંથી રૂ. ૧.૮૫ લાખ અને રૂ. ૧.૧૦ લાખ ડેબિટ થયાના સંદેશા મળ્યા હતા. ત્યારબાદ ફરી રૂ. ૬૫ હજાર અને રૂ. ૯ હજાર ઉપડી ગયાના મેસેજ આવ્યા હતા. આમ, વેપારીની જાણ બહાર કુલ રૂ. ૩.૭૦ લાખ ઉપડી ગયા હતા. ખાતામાંથી નાણાં કપાયાની જાણ થતાં ધર્મેશકુમારે તરત જ બેંક મેનેજરનો સંપર્ક કર્યો હતો. બેંક તરફથી તેમને સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ કરવા જણાવવામાં આવ્યું હતું. ત્યારબાદ તેમણે સાયબર પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી હતી. પાછળથી થયેલા વ્યવહારો અંગે પણ અલગથી અરજી કરવામાં આવી હતી. જોકે, ફરિયાદ કરવા છતાં ખાતામાંથી ઉપાડવામાં આવેલા નાણાં હોલ્ડ થઈ શક્યા નહોતા. આથી વેપારીએ અંતે કૃષ્ણનગર પોલીસનો સંપર્ક કરીને સમગ્ર ઘટના અંગે ફરિયાદ નોંધાવી હતી.

વેપારીના મોબાઈલ ફોન અથવા ઈન્ટરનેટ માધ્યમનો દુરુપયોગ કરીને છેતરપિંડી કરવામાં આવી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. જોકે, મોબાઈલ ખરેખર હેક થયો હતો કે અન્ય કોઈ રીતે બેંક ખાતાની વિગતોનો દુરુપયોગ થયો હતો તે તપાસનો વિષય છે.

કૃષ્ણનગર પોલીસે અજાણ્યા આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. નાણાં કયા ખાતામાં ટ્રાન્સફર થયા, વ્યવહારો કયા માધ્યમથી થયા અને તેની પાછળ કોણ જવાબદાર છે તે અંગે તપાસ બાદ વધુ વિગતો સામે આવી શકે છે.બેંક ખાતામાંથી અજાણ્યા વ્યવહારો થાય તો તાત્કાલિક બેંકનો સંપર્ક કરીને ખાતાની સુરક્ષા માટે જરૂરી પગલાં લેવા જોઈએ. સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર વહેલી તકે જાણ કરવી અને સત્તાવાર સાયબર ક્રાઈમ પોર્ટલ પર ફરિયાદ નોંધાવવી જરૂરી છે. જોકે, ફરિયાદ કરવાથી નાણાં પરત મળવાની કે તરત જ રોકાઈ જવાની ખાતરી હોતી નથી. તેથી ઝડપી કાર્યવાહી સાથે બેંક અને પોલીસને વ્યવહારની વિગતો તથા જરૂરી પુરાવા પૂરા પાડવા મહત્વપૂર્ણ છે.

સાબરકાંઠામાં SMCની મોટી કાર્યવાહી

હિંમતનગર નજીકથી ૭.૭૦ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)સાબરકાંઠા

ગુજરાતમાં દારૂબંધીના અમલ વચ્ચે સાબરકાંઠા જિલ્લામાં વિદેશી દારૂની હેરાફેરીનો મામલો સામે આવ્યો છે. સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે હિંમતનગર નજીક સુરજપુરા સ્ટેશન પાસે વોચ ગોઠવીને વિદેશી દારૂ ભરેલી કાર ઝડપી પાડી હતી.

કારમાંથી અંદાજે ૭.૭૦ લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો મળી આવતાં પોલીસ તંત્રમાં દોડધામ મચી હતી.

આ કાર્યવાહી દરમિયાન કારચાલક સહિત બે આરોપીઓની અટકાયત કરવામાં આવી હતી.

મળતી માહિતી અનુસાર, સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને વિદેશી દારૂની હેરાફેરી અંગે ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે ટીમે હિંમતનગર નજીક આવેલા સુરજપુરા સ્ટેશન પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન ભિલોડા તરફથી આવી રહેલી શંકાસ્પદ કારને અટકાવી તેની તપાસ કરવામાં આવી હતી.

કારની તલાશી લેતાં તેમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. તપાસ દરમિયાન જપ્ત કરાયેલા દારૂની કિંમત અંદાજે ૭.૭૦ લાખ હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ પોલીસે દારૂના જથ્થા સાથે કારચાલક સહિત બે વ્યક્તિઓને અટકાયતમાં લીધા હતા.

પ્રાથમિક તપાસમાં સામે આવેલી વિગતો મુજબ, વિદેશી દારૂનો આ જથ્થો રાણી બોર્ડર મારફતે ગુજરાતમાં લાવવામાં આવ્યો હતો અને તેને પ્રાંતિજ તરફ લઈ જવામાં આવી રહ્યો હતો. પોલીસ તપાસમાં એવો પણ ખુલાસો થયો હોવાનું જણાવાયું છે કે પ્રાંતિજના બે સ્થાનિક બુટલેગરોએ આ જથ્થો મંગાવ્યો હતો.

જોકે, દારૂની હેરાફેરીમાં કોણ-કોણ સંડોવાયેલું છે, જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને તેની પાછળનું નેટવર્ક કેટલું વિસ્તરેલું છે તે અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર મામલે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં દારૂ મંગાવનાર, હેરાફેરી કરનાર અને સપ્લાય સાથે સંકળાયેલા કુલ છ આરોપીઓ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. બે આરોપીઓની અટકાયત બાદ અન્ય સંડોવાયેલા આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસ દ્વારા તપાસ તેજ કરવામાં આવી છે. ફરાર આરોપીઓને શોધવા માટે અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હોવાનું પણ અહેવાલમાં જણાવાયું છે. સાબરકાંઠા જિલ્લામાં SMCની આ કાર્યવાહીથી વિદેશી દારૂની હેરાફેરી સામે પોલીસની કામગીરી ફરી ચર્ચામાં આવી છે. હાલમાં જપ્ત કરાયેલા દારૂના જથ્થા, કાર અને આરોપીઓની ભૂમિકા અંગે તપાસ ચાલી રહી છે. પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ આ હેરાફેરીના નેટવર્કને લગતી વધુ વિગતો સામે આવે તેવી શક્યતા છે.

એ IAS અધિકારી કોણ? જેના માટે કાર્યપાલક ઈજનેરે SMC ના કોન્ટ્રાક્ટરો પાસે ટકાવારીની માંગણી કરી

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત

સુરત મહાનગર પાલિકામાં ભ્રષ્ટાચાર હવે જાણે કે શિષ્ટાચાર બની ગયો હોય એમ ખુલ્લે આમ કાર્યપાલક ઈજનેરો SMC ના કામનો કોન્ટ્રાક્ટ રાખતા કોન્ટ્રાક્ટરો પાસે જ્યારે એક IAS અધિકારીના નામે પણ ટકાવારીની માંગણી કરતા હોય ત્યારે આનાથી ગંભીર અને ભ્રષ્ટાચારના નમૂના જેવી બીજી કઈ ઘટના હોઈ શકે? અત્યાર સુધી આપણે સાંભળતા પણ આવ્યા છીએ અને ખુલ્લે આમ ચર્ચાઓ પણ થતી હોય છે કે SMC માં કોઈ પણ કામનો કોન્ટ્રાક્ટ રાખવો હોય તો કોન્ટ્રાક્ટરોએ ટોટલ રકમની અમુક નક્કી કરેલી ટકાવારીની રકમ ચૂંટાયેલા જે તે સમિતિના પદાધિકારીઓ અને અધિકારીઓને પ્રસાદ રૂપે આપવી પડતી હોય છે. પરંતુ હવે જ્યારે આ ટકાવારીનો છેડો છેક IAS જેવા ઉચ્ચ અધિકારી સુધી પહોંચી ગયો છે, ત્યારે દાલ મે કુછ કાલા નહિ પણ આખે આખી દાળ જ કાળી છે. એમ સ્વાભાવિક પણે લાગ્યા વગર રહે જ નહિ. અહીં પણ જ્યારે સુરત મ્યુ.કમિશનર રાજકુમાર બેનીવાલ જેવા ઉચ્ચ અધિકારીના નાક નીચે જો આ પ્રવૃત્તિ ચાલી રહી હોય ત્યારે સુરત મહાનગર પાલિકાના એ ઈજનેર અને એણે જે IAS અધિકારી માટે જે કોન્ટ્રાક્ટરો પાસે ટકાવારી માંગી એમની SMC વિજીલન્સ જ નહિ પરંતુ સ્ટેટ વિજિલન્સ દ્વારા પણ ખૂબ જ ઊંડાણ થી તપાસ કરવી જરૂરી છે. કારણ કે શહેરમાં જે રોડ, રસ્તા, તૂટેલા ગટરના ઢાંકણાં, ઉભરાતી ગટરો અને ઠેર ઠેર ગંદકીના દેખાતા થર નું મૂળ આ ટકાવારીની ચાલતી માયાજાળમાં છે. જેવા દામ એવું કામ એ નાતે કોન્ટ્રાક્ટરો ની આ પ્રકારની કામગીરી એ ટકાવારી નો નમૂનો જ છે. આમ તો ઉચ્ચ અધિકારીઓ જેવા કે ડે.મ્યુ.કમિશનર જેવા IAS અધિકારીઓ ક્યારેય આ પ્રકારની ભાગબટાઈ જેવી ટકાવારી થી પોતાને દૂર રાખી ને એમાં ખાસ પડતા હોતા નથી. ત્યારે અહીં જે કાર્યપાલક ઈજનેરે જે IAS અધિકારી માટેની ટકાવારી ની વાત કરી એ બાબત થી ખરેખર IAS અધિકારી અજાણ છે કે પછી અજાણ હોવાનો દાવો કરી છટકી જવાની વાત કરે છે? ઉપરાંત જે કાર્યપાલક ઈજનેરે ટકાવારીની વાત કરી એ ખરેખર IAS માટે હતી કે ઈજનેરે પોતાના રોટલા શેકવા IAS ના નામનો ઉપયોગ કર્યો એની પણ તપાસ કરાવવી જોઈએ જેથી પ્રજાને સત્ય હકીકતનો ખ્યાલ આવે કે સુરત મહાનગરપાલિકામાં ભ્રષ્ટાચાર નીચેથી ઉપર સુધી કેટલો વકરેલો છે. એનો આ બોલતો પુરાવો છે. અને આમ પણ સામાન્ય રીતે સુરત મહાનગરપાલિકામાં કોઈ નાના કર્મચારી સામે શિક્ષાત્મક પગલાં ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે તેમાં પહેલા જ લખવામાં આવે છે કે તમારા વર્તનથી સુરત મહાનગર પાલિકાની છબી ને નુકશાન પહોંચેલ છે ત્યારે એક કાર્યપાલક ઈજનેર IAS અધિકારીને સાચવવા કોન્ટ્રાક્ટરો પાસે નાણાકીય માંગણીથી સુરત મહાનગર પાલિકાની છબીને નુકશાન નથી પહોંચતું? સુરત મહાનગર પાલિકાના કમિશ્નર આ બાબતને ગંભીરતાથી લઈ ન્યાય કરાવશે ખરા?

ક્રેટા કારથી ટીમને કચડવાનો પ્રયાસ કરી બુટલેગરો ફરાર

અમદાવાદના શાહીબાગમાં દારૂના દરોડા દરમિયાન SMCનું ફાયરિંગ

આ જથ્થો બુટલેગર અનુપ ઠાકોર ઉર્ફે મેકો રતનસિંહ ઠાકોરે મંગાવ્યો હોવાની માહિતી મળતાં SMCની ટીમે સ્થળ પર વોચ ગોઠવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં દારૂની હેરાફેરી સામે કાર્યવાહી કરવા પહોંચેલી સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે ફાયરિંગ કર્યું હોવાની ઘટના સામે આવી છે. ખંડુભાઈ હોલ પાસે દારૂના મોટા જથ્થાના કટિંગ અંગે મળેલી બાતમીના આધારે ટીમે દરોડો પાડ્યો હતો. આ દરમિયાન નંબર પ્લેટ વગરની કાળા રંગની ક્રેટા કારમાં આવેલા શખસોએ SMCની ટીમને જોઈને ફરાર થવાનો પ્રયાસ કર્યો હતો. પીછો કરતી વખતે આરોપીઓએ ટીમના વાહનને ટક્કર મારવાનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ છે. ત્યારબાદ SMCના પોલીસ ઈન્સ્પેક્ટર (PI) મિતેશ ત્રિવેદીએ હવામાં એક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જોકે, કારમાં સવાર શખસો દારૂના જથ્થા સાથે ફરાર થવામાં સફળ રહ્યા હતા.

મળતી માહિતી મુજબ, અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં આવેલા ખંડુભાઈ હોલ પાસે દારૂનો મોટો જથ્થો ઉતારવામાં આવવાનો હોવાની ચોક્કસ બાતમી SMCને મળી હતી. આ જથ્થો બુટલેગર અનુપ ઠાકોર ઉર્ફે મેકો રતનસિંહ ઠાકોરે મંગાવ્યો હોવાની માહિતી મળતાં SMCની ટીમે સ્થળ પર વોચ ગોઠવી હતી.

ટીમ દારૂ ભરેલી ગાડીની રાહ જોઈ રહી હતી ત્યારે નંબર પ્લેટ વગરની કાળા રંગની ક્રેટા કાર ત્યાં આવી પહોંચી હતી. SMCની ટીમને જોતાં જ કારમાં સવાર શખસોએ ગાડી ભગાવી મૂકી હતી. ત્યારબાદ ટીમે તેમનો પીછો શરૂ કર્યો હતો.

SMCની ટીમે ફરાર થતી ક્રેટા કારનો પીછો શરૂ કરતાં શાહીબાગથી ઈન્દિરા બ્રિજ સુધી ઘટનાક્રમ ચાલ્યો હતો. સરસ્વતી પાર્ક સોસાયટી નજીક ટીમે કારને રોકવાનો પ્રયાસ કર્યો હતો.

આ દરમિયાન કારમાં સવાર શખસોએ રોકાવાને બદલે SMCની ટીમના વાહનને ટક્કર મારવાનો અને તેને કચડવાનો પ્રયાસ કર્યો હોવાનો અહેવાલ છે. પરિસ્થિતિ જોખમી બનતાં SMCના PI મિતેશ ત્રિવેદીએ પોતાની સુરક્ષા અને ફરાર શખસોને રોકવાના પ્રયાસમાં હવામાં એક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

SMC દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યા બાદ પણ ક્રેટા કારમાં સવાર શખસો પકડાયા નહોતા. તેઓ દારૂ ભરેલી કાર સાથે સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. અહેવાલ મુજબ, આ ઘટનામાં કોઈને ઈજા થઈ હોવાની માહિતી સામે આવી નથી.

દારૂની હેરાફેરી સામે દરોડા દરમિયાન બનેલી આ ઘટનાને પગલે પોલીસ તંત્ર દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ઘટનાસ્થળે પંચનામાની કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી હતી.

આરોપીઓએ સરકારી ફરજ બજાવી રહેલી SMCની ટીમના વાહનને ટક્કર મારવાનો પ્રયાસ કર્યો હોવાના આક્ષેપને પગલે મામલો ગંભીર બન્યો છે. ફરાર શખસો સામે એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં સરકારી કર્મચારીઓ પર જીવલેણ હુમલા અને હત્યાના પ્રયાસ સંબંધિત ગુનો નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી હોવાનું અહેવાલમાં જણાવાયું છે. હાલમાં ફરાર આરોપીઓને શોધવા માટે તપાસ ચાલી રહી છે. દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો, તેમાં અન્ય કોણ સંડોવાયેલું છે અને ક્રેટા કારમાં કેટલો દારૂ હતો તે સહિતના મુદ્દાઓની તપાસ થવાની બાકી છે.

હવે ફરાર બુટલેગરોને ઝડપી પાડવા પોલીસની કાર્યવાહી પર નજર રહેશે.

નોંધનીય છે કે આ ઘટનામાં આરોપીઓની ધરપકડ અને તપાસના અંતિમ પરિણામ અંગેની વિગતો હજી સામે આવી નથી.

છોટા ઉદેપુર શહેરના કુસુમ વિલાસ પેલેસ વિસ્તારમાંથી દોઢ મહિને દીપડો પાંજરે પુરાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)છોટાઉદેપુર

છોટા ઉદેપુર શહેરના કુસુમ વિલાસ પેલેસ વિસ્તારમાં છેલ્લા દોઢ મહિનાથી દીપડાની અવરજવરને લઈને સ્થાનિક રહીશોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો હતો. આ મામલે સ્થાનિકોની રજૂઆતને પગલે વન વિભાગની ટીમ હરકતમાં આવી હતી. જેમાં વન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન આખરે દીપડો પાંજરે પુરાયો છે. દીપડાને પાંજરે પૂરવામાં સફળતા મળતાં સ્થાનિક રહીશોએ રાહતનો શ્વાસ લીધો છે.

કુસુમ વિલાસ પેલેસ વિસ્તારમાં છેલ્લા દોઢ મહિનાથી દીપડાના આટાફેરાથી સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો હતો. આ પછી વન વિભાગ દ્વારા સમગ્ર વિસ્તારમાં ૪થી ૫ પાંજરા ગોઠવી દીપડાને પકડવાની કામગીરી હાથ ધરી હતી. પાંજરા ગોઠવ્યા બાદ વન વિભાગની ટીમ દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી હતી.

આ દરમિયાન ગુરુવારે (૨૨ ઓક્ટોબર) ગોઠવવામાં આવેલા પાંજરામાં દીપડો પુરાતાં વન વિભાગન અને સ્થાનિકોએ હાશકારો અનુભવ્યો હતો. જેમાં છેલ્લા ઘણા સમયથી ભયના માહોલમાં રહેલા સ્થાનિક રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો.

દુકાનમાં સ્ટોકની તપાસ દરમિયાન ઘટ સામે આવી

અરવલ્લીના મેઘરજમાં સસ્તા અનાજની દુકાનમાં મોટો વિવાદ

આ મામલો સામે આવતાં સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છેઃ પુરવઠા વિભાગે સ્થળ તપાસ કરીને રિપોર્ટ જિલ્લા પુરવઠા અધિકારીને સુપરત કર્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અરવલ્લી

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના નારણપુર ગામમાં સરકારી અનાજના વિતરણમાં ગેરરીતિ થઈ હોવાનો ગંભીર આક્ષેપ સામે આવ્યો છે. ધી નારણપુર સેવા સહકારી મંડળી દ્વારા સંચાલિત સસ્તા અનાજની દુકાનમાં તપાસ દરમિયાન ઘઉં, ચોખા અને ખાંડના જથ્થામાં મોટી ઘટ જોવા મળી હોવાનું જાણવા મળ્યું છે. બીજી તરફ, અનાજનો જથ્થો છુપાવવા માટે ઘઉંની બોરીઓમાં યુરિયા ખાતર અને અન્ય દાળ ભરવામાં આવી હોવાનો પણ આક્ષેપ થયો છે. આ મામલો સામે આવતાં સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે. પુરવઠા વિભાગે સ્થળ તપાસ કરીને રિપોર્ટ જિલ્લા પુરવઠા અધિકારીને સુપરત કર્યો છે.

મેઘરજ તાલુકાના નારણપુર ગામની સસ્તા અનાજની દુકાનમાં સરકારી અનાજના જથ્થામાં તફાવત હોવાની ફરિયાદ બાદ પુરવઠા વિભાગની ટીમે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન રેકોર્ડમાં દર્શાવેલા જથ્થા અને સ્થળ પર ઉપલબ્ધ અનાજ વચ્ચે તફાવત જોવા મળ્યો હોવાનો અહેવાલ છે.

આ તપાસમાં ૩,૭૧૬ કિલો ઘઉં, ૨,૬૮૩ કિલો ચોખા અને ૬૯૫ કિલો ખાંડનો જથ્થો ગાયબ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

સરકારી રાશન પર નિર્ભર પરિવારોને વિતરણ માટે ફાળવવામાં આવતા અનાજના જથ્થામાં આટલી મોટી ઘટ સામે આવતાં સમગ્ર વિસ્તારમાં ચર્ચા શરૂ થઈ છે.

આ સમગ્ર મામલામાં સૌથી ગંભીર બાબત ઘઉંની બોરીઓમાં અન્ય સામગ્રી ભરેલી હોવાનો આક્ષેપ છે. અહેવાલ મુજબ, અનાજના જથ્થામાં થયેલી ઘટ છુપાવવા માટે ઘઉંનાં બારદાનમાં યુરિયા ખાતર ભરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, કેટલીક બોરીઓમાં ચણાની દાળ અને તુવેરની દાળનો જથ્થો પણ ભરવામાં આવ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ઘઉંની જગ્યાએ અન્ય સામગ્રી રાખીને વાસ્તવિક સ્ટોક અંગે ગેરસમજ ઊભી કરવાનો પ્રયાસ થયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

ફરિયાદ સામે આવ્યા બાદ મેઘરજ પુરવઠા વિભાગની ટીમે નારણપુર સેવા સહકારી મંડળીની દુકાન અને ગોડાઉન ખાતે પહોંચીને તપાસ હાથ ધરી હતી. અધિકારીઓએ ઉપલબ્ધ અનાજના જથ્થાની ચકાસણી કરી અને સંબંધિત વિગતો એકત્રિત કરી હતી. તપાસ પૂર્ણ થયા બાદ વિગતવાર રિપોર્ટ તૈયાર કરીને આગળની કાર્યવાહી માટે જિલ્લા પુરવઠા અધિકારીને સોંપવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. હવે આ રિપોર્ટના આધારે સંબંધિત જવાબદારો સામે કયા પગલાં લેવામાં આવે છે તેના પર નજર રહેશે. સસ્તા અનાજની દુકાનમાં સરકારી જથ્થાની ઘટ અને બોરીઓમાં ખાતર ભરવામાં આવ્યું હોવાના આક્ષેપને પગલે સ્થાનિક લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. ગ્રામજનોની માગ છે કે સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને ગેરરીતિમાં જે કોઈ જવાબદાર જણાય તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. સરકારી રાશન ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો સુધી પહોંચે તે માટે વિતરણ વ્યવસ્થામાં પારદર્શિતા જાળવવી જરૂરી છે. નારણપુરનો આ મામલો હવે પુરવઠા વિભાગના તપાસ અહેવાલ અને આગળની કાર્યવાહી પર આધારિત છે.